પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષઃ૨૫, અંકઃ૦૬, કુલ પાનાઃ૪, તારીખઃ ૨૮-૦૮-૨૦૨૧ શનિવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 06 PRICE :-RS. 1.50 DATE : 28-08-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## તાલિબાનમાં અમેરિકાએ જાહેર કર્યું એલર્ટ, આતંકીઓને પકડી પકડીને મારીશું : બાઈડેન



કાબુલ,

તાલિબાને પાકિસ્તાન સાથેની તેમની નિકટતાને કબૂલ કરી છે. તાલિબાનના પ્રવક્તા ઝબીઉલ્લાહ મુજાહિદે પાકિસ્તાની ચેનલ છઈરૂ ન્યૂઝ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે પાકિસ્તાન સંગઠન (તાલિબાન) માટે એ બીજા ઘર જેવું છે. ઝબીઉલ્લાહે એમ પણ કહ્યું હતું કે અફઘાનિસ્તાન પાકિસ્તાન સાથે તેની સરહદ જોડાયેલી છે અને બંને દેશોના લોકો ધાર્મિક આધાર પર પણ એકબીજા સાથે હળી-મળી ગયા છે. તેથી જ અમે પાકિસ્તાન સાથેના સંબંધોને વધુ મજબૂત કરવા માગીએ છીએ. ઝબીઉલ્લાહે ભારત સાથે સારા સંબંધોની વાત પણ કરી છે. તેમણે કહ્યું હતું કે અમારી એક જ ઈચ્છા છે કે ભારતે અફઘાનનાં હિતો અનુસાર પોતાની નીતિઓ નક્કી કરવી જોઈએ. તાલિબાન પ્રવક્તાએ ભારતને કાશ્મીર પર સકારાત્મક વલણ અપનાવવાની સલાહ પણ આપી હતી. બંને દેશોનાં હિતો એકબીજા સાથે સંબંધિત છે, તેથી દરેક વિવાદાસ્પદ મુદ્દાને સાથે બેસીને ઉકેલવા જોઈએ. અફઘાનિસ્તાનમાં પંજશીર સિવાય તમામ વિસ્તારો તાલિબાનના કબજામાં છે. પંજશીરમાં અફઘાનિસ્તાનના કાર્યકારી રાષ્ટ્રપતિ અમરુલ્લાહ સાલેહના નેતૃત્વમાં નોર્થર્ન અલાયન્સના લડવૈયાઓ તાલિબાન સામે યુદ્ધ લડી રહ્યા છે. આ દરમિયાન અહેવાલ છે કે પરવાન પ્રાંતની રાજધાની ચારીકારમાં તાલિબાન અને પંજશીરના પ્રતિનિધિઓ વચ્ચે વાતચીત થઈ છે. આ દરમિયાન બંને પક્ષો એકબીજા પર હુમલો ન કરવા સંમત થયા છે.બે ફિયાદીન હુમલા-ત્રણ બોમ્બ-બ્લાસ્ટથી ધ્રૂજી ગયેલા કાબુલ એરપોર્ટ પર વધુ આતંકવાદી હુમલા થઈ શકે છે. અમેરિકન બ્રોડકાસ્ટ કંપની (ABC) મુજબ એરપોર્ટના નોર્થ ગેટ પર કાર બોમ્બ-બ્લાસ્ટ થવાનું જોખમ છે. એવામાં કાબુલ સ્થિત અમેરિકી દૂતાવાસ નવું એલર્ટ જાહેર કર્યું છે, સાથે અમેરિકાએ કહ્યું હતું કે તે કાબુલમાંથી લોકોને બહાર કાઢવાનો સિલસિલો ચાલુ રાખશે. અમેરિકન પ્રમુખ જો બાઈડનને હુમલાખોરોને કડક ચેતવણી આપતાં કહ્યું હતું કે તેઓ આતંકીઓને શોધી શોધીને ઠાર મારશે. અફઘાનિસ્તાનની રાજધાની કાબુલમાં હામિદ કરઝાઈ ઈન્ટરનેશનલ એરપોર્ટની સામે જ ગુરુવારે સાંજે બે ફિદાયીન હુમલા થયા હતા. અમેરિકન અખબાર વોલ સ્ટ્રીટ જર્નલ અનુસાર, આ હુમલામાં ૮૦ લોકો માર્યા ગયા છે અને ૨૦૦થી વધુ ઘાયલ થયા છે. મૃતકોમાં ૧૨ યુએસ મરીન કમાન્ડો પણ સામેલ છે, જ્યારે ૧૫ ઘાયલ થયા છે. આતંકી સંગઠન ISISના ખુરાસાન ગ્રુપે આ હુમલાની જવાબદાર લીધી છે. ફિદાયીન હુમલા બાદ કાબુલ એરપોર્ટ પરથી તમામ ફ્લાઈટ ઓપરેશન સ્થગિત કરવામાં આવ્યાં છે. અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડને કાબુલ એરપોર્ટ પર હુમલાની નિંદા કરતાં કહ્યું હતું કે અમેરિકન સૈનિકોનાં મૃત્યુ ખૂબ જ દુઃખદ છે, અન્ય લોકોના જીવ બચાવવામાં અમેરિકન સૈનિકોનું બલિદાન અમે ક્યારેય નહીં ભૂલી શકીએ અને હુમલાખોરોને માફ નહીં કરીએ. અમે આતંકવાદીઓને પકડી પકડીને મારીશું, સૈનિકોના પરિવારો પ્રત્યે અમારી સંવેદના છે. અમે અમેરિકન નાગરિકોને અફઘાનિસ્તાનમાંથી બહાર કાઢીશું અને અફઘાન સાથીઓને પણ બહાર કાઢીશું. અમારું મિશન ચાલુ જ રહેશે અને જરૂર પડ્યે અમે વધારાના સૈનિકો પણ મોકલીશું. કાબુલ એરપોર્ટ પર હુમલા બાદ ડોનાલ્ડ ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટી સિનેટર અને પૂર્વ પ્રવક્તા ડેન ક્રેનશોએ પ્રેસિડન્ટ બાઈડન પર નિશાના સાધ્યું છે. તેમણે કહ્યું- મિસ્ટર પ્રેસિડન્ટ અત્યારે આ મામલાને સંભાળો, જેને તમે જ ઊભો કર્યો છે. એનાથી ભાગવાના પ્રયાસો ન કરો. તમારા હાથ લોહીથી રંગાયેલા છે. આ યુદ્ધનો અંત છે એવું વિચારવાની ભૂલ ન કરો. તમે દુશ્મનને બીજી ફાયદાકારક તક આપી છે. આતંકવાદી સંગઠન ISISએ ગ્રુપના ટેલિગ્રામ એકાઉન્ટ પર કાબુલ એરપોર્ટ પર આતંકી હુમલાની જવાબદારી સ્વીકારી છે. કાબુલમાં અમેરિકી દૂતાવાસે કાબુલમાં હામિદ કરઝાઈ ઈન્ટરનેશનલ એરપોર્ટની બહાર બે વિસ્ફોટ બાદ અમેરિકી નાગરિકોએ એરપોર્ટ પર મુસાફરી ટાળવા અને એરપોર્ટની નજીક ન જવા માટે સુરક્ષા એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.જ્યારે અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડને કહ્યું હતું કે કાબુલ એરપોર્ટ પર થયેલા હુમલામાં તાલિબાન અને ઈસ્લામિક સ્ટેટ વચ્ચે સાઠગાંઠના હજુ સુધી કોઈ પુરાવા મળ્યા નથી. ગુરુવારે અફઘાનિસ્તાનમાં કાબુલ એરપોર્ટ નજીક બે આત્મઘાતી હુમલાખોરો અને બંદૂકધારીઓ દ્વારા ટોળા પર થયેલા હુમલામાં ૧૩ અમેરિકન સૈનિક સહિત ઓછામાં ઓછા ૯૦ લોકો માર્યા ગયા હતા અને અન્ય ઘણા લોકો ઘાયલ થયા છે. એક અફઘાન અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે એરપોર્ટ પર થયેલા હુમલામાં ઓછામાં ઓછા ૬૦ અફઘાન માર્યા ગયા અને અન્ય ૧૪૩ લોકો ઘાયલ થયા છે.જો બાઈડને કહ્યું હતું કે જો કેટલાંક કારણો પર વિશ્વાસ કરવામાં આવે તો અમેરિકા જાણે છે કે આ હુમલાનો આદેશ આપનાર ISISનો નેતા કોણ હતો. તે જ્યાં પણ હોય, મોટા લશ્કરી ઓપરેશન વગર પણ અમે તેને પકડીશું. બાઈડને એમ પણ કહ્યું હતું કે તેમણે લશ્કરી કમાન્ડરોને ISIS પર સ્ટ્રાઈક કરવાનું યોજના બનાવવા માટે કહ્યું છે. તેમણે કહ્યું હતું કે "હવે અમે અમારું પસંદ કરેલા સ્થળ અને સમય પર જવાબ આપીશું.''કાબુલમાં થયેલા બોમ્બ-બ્લાસ્ટમાં ૧૩ અમેરિકન સૈનિક શહીદ થયા બાદ અમેરિકા અફઘાનિસ્તાનમાં ફરી સક્રિય થયું હોય એવું લાગી રહ્યું છે. રાષ્ટ્રપતિ જો બાઈડને સ્પષ્ટ કહ્યું હતું કે અમે તેમને માફ કરીશું નહીં, અમે આતંકી હુમલો કરનારાઓને પકડી પકડીને મારીશું અને સજા કરીશું. બાઈડને એમ પણ કહ્યું હતું કે અફઘાનિસ્તાનમાં અમારું મિશન હજી પૂરું થયું નથી. કાબુલમાં શહીદ થયેલા અમેરિકન શહીદ થયેલા સૈનિકોના સન્માનમાં અમેરિકાનો રાષ્ટ્રધ્વજ નમેલો રહેશે. વ્હાઈટ હાઉસ તરફથી પ્રાપ્ત માહિતી અનુસાર, અમેરિકાનો રાષ્ટ્રધ્વજ ૩૦ ઓગસ્ટના રોજ સાંજ સુધી નમેલો રહેશે. ઉલ્લેખનીય છે કે કાબુલ એરપોર્ટ પર થયેલા વિસ્ફોટમાં ૧૩ અમેરિકન સૈનિક માર્યા ગયા હતા, જ્યારે એમાં ૧૮થી વધુ સૈનિકો ઘાયલ થયા હતા.

જો બાઈડને હુમલાખોરોને કાબુલ એરપોર્ટની બહાર થયેલા બોમ્બ-વિસ્ફોટો અંગે ચેતવણી આપી છે અને સ્પષ્ટપણે હતું કે હવે આતંકીઓએ એની કિંમત ચૂકવવી પડશે. કાબુલ એરપોર્ટ પર થયેલા આતંકી હુમલામાં અમેરિકન સૈનિકોનાં મોતથી ગુસ્સે થયેલા જો બાઈડને કહ્યું હતું કે ન તો અમે એને ભૂલીશું અને ન તો માફ કરીશું. હવે શિકાર અમે કરીશું અને આતંકીઓએ આ મોતની કિંમત ચૂકવવી પડશે. આ સાથે જ બાઈડને કહ્યું હતું કે અમે અફઘાનિસ્તાનના નાગરિકોને બચાવીશું. અમે કાબુલમાંથી અફઘાની લોકોને બહાર કાઢવાનું મિશન ચાલુ જ રાખીશું. રાષ્ટ્રપતિ જો બાઈડને કહ્યું હતું કે કાબુલ એરપોર્ટની બહાર થયેલા હુમલામાં માર્યા ગયેલા અમેરિકન સૈનિક હીરો હતા. તે અન્ય લોકોના જીવ બચાવવા માટે એક ખતરનાક અને નિઃસ્વાર્થ મિશનમાં રોકાયેલા હતા. બાઈડને વધુમાં કહ્યું હતું કે ઓછામાં ઓછા ૧,૦૦૦ અમેરિકન અને અન્ય ઘણા અફઘાની લોકો હજુ પણ કાબુલમાંથી બહાર નીકળવા માટે સંઘર્ષ કરી રહ્યા છે.

## ગુજરાત રાજકારણમાં હડકંપ : પ્રશાંત કિશોરની કોંગ્રેસમાં એન્ટ્રી



અમદાવાદ,

પ્રશાંત કિશારે ગુજરાત વિધાનસભા ૨૦૧૨ ગુજરાત ચૂંટણીમાં મોદી માટે કામ કર્યું હતું. જ્યારથી તેમણે ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપના ચૂંટણી અભિયાનની જવાબદારી સંભાળી ત્યારથી તેઓ લાઈમ લાઈટમાં આવ્યા છે. આ ચૂંટણીમાં ભાજપે પ્રથમવાર એકલા હાથે પૂર્ણ બહુમતિ પ્રાપ્ત કરી હતી. ભાજપનો ૨૮૨ સીટ પર વિજય થયો હતો.ગુજરાતમાં કોંગ્રેસની એક બાદ એક કારમો પરાજય મેળવ્યા બાદ ૨૦૨૨ની ચૂંટણી માટે સંગઠનમાં પરિવર્તન કરવું આવશ્યક બની ગયું છે ત્યારે વર્તમાન પ્રમુખ અને વિરોધ પક્ષના નેતા રાખવા એ અંગે હાઈકમાન્ડ નિર્ણય કરે એવી માગ ઊઠી છે. રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી પહેલાં કોંગ્રેસ દ્વારા બેઠકનો દોર શરૂ કરવામાં આવ્યો છે, જેના ભાગ રૂપે ચૂંટણીના રણનીતિકાર પ્રશાંત કિશોર સાથે દિલ્હીમાં કોંગ્રેસના નેતા ભરતસિંહ સોલંકીએ બેઠક કરી હોવાનું જાણવા મળ્યું છે, ભરતસિંહ અને પ્રશાંત કિશોર વચ્ચે અંદાજે ૨ કલાક સુધી આ બેઠક ચાલી હતી, જેમાં રાજ્યમાં આવી રહેલી વિધાનસભાની ચૂંટણી અંગે આ બેઠકમાં ચર્ચા કરવામાં આવી છે.આ બેઠકમાં ગુજરાત કોંગ્રેસના સંગઠન પ્રભારી, વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા અને પ્રદેશ પ્રમુખના પદનો જલદી નિર્ણય લેવાય એ મુદ્દે પણ ચર્ચા કરવામાં આવી હતી. આ પદો પર તાત્કાલિક નિમણૂક થાય એ માટે હાઈકમાન્ડને રજૂઆત કરવા ધારાસભ્યને દિલ્હી મોકલવાની વાત પર ધારાસભ્યોએ સહમતી દર્શાવી હતી, જેમાં કોંગ્રેસના સિનિયર નેતા મધુસૂદન મિસ્ત્રી દિલ્હી જશે અને હાઈકમાન્ડ સમક્ષ માગ મૂકે એવી સર્વસંમતિ પણ દર્શાવવામાં આવી છે.૨૦૨૨ની ચૂંટણીમાં ગુજરાત કોંગ્રેસના સ્ટાર પ્રચારક રાહુલ ગાંધી રહેશે. જોકે પ્રશાંત કિશોર અંગે હજુ સુધી કોઈ સત્તાવાર નિર્ણય લેવામાં આવ્યો નથી, પરંતુ કોંગ્રેસનાં જ સૂત્રોના જણાવ્યા મુજબ, ગુજરાત કોંગ્રેસનું સુકાન રણનીતિકાર પ્રશાંત કિશોરને સોંપી કોંગ્રેસ હાઈકમાન્ડ નવી ગેમ ખેલવા તૈયાર છે. તાજેતરમાં જ કોંગ્રેસના ધારાસભ્યોની બેઠક મળી હતી, જેમાં ધારાસભ્યોને પોતાની બેઠક સિવાય અન્ય વિધાનસભા સીટની પણ જવાબદારી સોંપવામાં આવી છે. આ ઉપરાંત ૨૦૨૨ વિધાનસભાની ચૂંટણીમાં ૧૨૫ બેઠક જીતવાનો લક્ષ્યાંક મૂકવામાં આવ્યો હતો. બેઠક અંદાજિત ચાર કલાકથી વધુ સમય સુધી ચાલી હતી. ગુજરાતમાં આગામી સમયમાં યોજાનારી વિધાનસભા ૨૦૨૨ની ચૂંટણીની સાથે નવા સંગઠનની રચનાને લઈને કોંગ્રેસે તૈયારી શરૂ કરી દીધી છે, જેને લઈ કોંગ્રેસ ધારાસભ્યો અને સિનિયર નેતાઓની ગાંધીનગર ખાતે મહત્ત્વની બેઠક મળી હતી. આ બેઠકમાં સંગઠનને મજબૂત બનાવવા તેમજ ગુજરાત કોંગ્રેસમાં પ્રભારી અને પ્રદેશ પ્રમુખ અંગે જલદી નિર્ણય લેવામાં આવે એ અંગે પણ મહત્ત્વની ચર્ચા કરવામાં આવી હતી. કોંગ્રેસના ધારાસભ્યોની બેઠકમાં મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાતમાં નેતાવિહોણી અને સતત પરાજયનો સામનો કરી રહેલા કોંગ્રેસ પક્ષને ફરી બેઠો કરી ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં દોડતો કરવા માટે આગામી દિવસોમાં ચૂંટણીના રણનીતિકાર પ્રશાંત કિશોરને મોટી જવાબદારી સોંપવામાં આવે એવી શક્યતા છે. આ મામલે કોંગ્રેસના નેતા ભરતસિંહ સોલંકી અને પ્રશાંત કિશોર વચ્ચે બેઠક પણ મળી હોવાનું જાણવા મળ્યું છે. આ અગાઉ થોડા દિવસ પહેલાં મળેલી કોંગ્રેસના ધારાસભ્યોની બેઠકમાં પણ પ્રશાંત કિશોરના મુદ્દે ચર્ચા થઈ હતી. બીજી તરફ, પ્રશાંત કિશોરની ટીમે કોંગ્રેસ માટે ચૂંટણી અંગે સરવે પણ શરૂ કર્યો હોવાનું જાણવા મળ્યું છે.

## સરળતાથી ઈન્કમટેક્સ રિટર્ન કરવા માટે પોર્ટલ લોન્ચ

ન્યુ દિલ્હી,

સરકારે ટેક્સપેયર્સ મા ITR દાખલ કરવા માટે ૩૦ સપ્ટેમ્બરની ડેડલાઈન રાખી છે. જો પોર્ટલ પર પરેશાનીઓ યથાવત્ રહી તો આ ડેડલાઈનને આગળ વધારવી પડી શકે છે.છેલ્લા કેટલાક વર્ષોથી ઓનલાઈન ITR ફાઈલ થઈ રહ્યા છે. જ્યારે બધુ યોગ્ય રીતે ચાલી રહ્યું હતુ તો સરકારને શું જરૂર હતી કે નવું પોર્ટલ બનાવવામાં આવે? આ પોર્ટલ પર કેવા પ્રકારની પરેશાનીઓ આવી રહી છે. તેને દૂર કરવા માટે સરકાર અને ઈન્ફોસિસ શું કરી રહ્યા છે? તેની ટેક્સપેયર્સ પર શું અસર પડશે? આ તમામ અને તેની સાથે સંકળાયેલા અન્ય મુદ્દાઓને અમે આસાનીથી ગ્રાફિક્સમાં તમને સમજાવી રહ્યા છીએસરકારે ઈનકમ ટેક્સ રિટર્ન ફાઈલ કરવામાં લોકોને સરળતા આપવા માટે નવું પોર્ટલ લોન્ચ કર્યુ હતું, પરંતુ આ પોર્ટલે લોકોની પરેશાનીઓ વધારી દીધી છે. લોન્ચ થવાના અઢી મહિના પછી પણ પોર્ટલ યોગ્ય રીતે કામ કરી રહ્યું નથી. લોકોને અલગ-અલગ પરેશાનીઓ આવી રહી છે.આ પોર્ટલના ઈન્ફોસિસે બનાવ્યું છે. આ વર્ષે ૭ જૂને આ પોર્ટલે લોન્ચ કરવામાં આવ્યું હતું. ત્યારથી જ આ નવા પોર્ટલ પર ટેક્સપેયર્સને અનેક પ્રકારની પરેશાનીઓ આવી રહી છે. સરકારે પણ પોતાના સ્તરે ઈન્ફોસિસને આ મુશ્કેલીઓ દૂર કરવામાં કહ્યું છે. નાણાં મંત્રી નિર્મલા સીતારામને તો ૨૩ ઓગસ્ટે ઈન્ફોસિસના CEO અને MD સલિલ પારેખની પણ તેડું મોકલ્યું હતું. સ્પષ્ટ શબ્દોમાં ઈન્ફોસિસને કહેવામાં આવ્યું છે કે નવા ઈનકમ ટેક્સ પોર્ટલમાં આવી રહેલી મુશ્કેલીઓને કોઈપણ હાલતમાં ૧૫ સપ્ટેમ્બર સુધીમાં દૂર કરો.




## આસામમાં ઉગ્રવાદીઓ દ્વારા ૭ ટ્રકમાં આગ લગાવાઈ : ૫ના મોત

આસામ,

આસામના દીમા હસાઓ જિલ્લાના દિયુંગબરા નજીક શંકાસ્પદ ઉગ્રવાદીઓ દ્વારા સાત ટ્રકને સળગાવી દેવામાં આવી હતી, જેમાં પાંચ ટ્રક-ડ્રાઈવર જીવતા સળગી ગયા હતા. અહેવાલ મુજબ, આગચંપી પહેલાં તેમણે અનેક રાઉન્ડ ફાયરિંગ પણ કર્યું હતું. પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને મામલાની તપાસ કરવામાં આવી રહી છે. શંકાસ્પદ ઉગ્રવાદીઓએ દિયુંગબરા નજીક ઉમરંગસો લંકા રોડ પર સાત ટ્રકને સળગાવી દીધી હતી. આ ઘટનામાં પાંચ લોકોનાં મોત થયાં હતાં. આસામ પોલીસને આ ઘટનાને અંજામ આપવા પાછળ DNLA ના ઉગ્રવાદીઓ પર આશંકા છે. દીમા હસાઓ જિલ્લાના દિયુંગબરામાં ગઈરાત્રે શંકાસ્પદ ઉગ્રવાદીઓ દ્વારા આ ઘટનાને અંજામ આપવામાં આવ્યો હતો. આ ઘટનામાં શંકાસ્પદ ઉગ્રવાદીઓએ સાત ટ્રકને સળગાવી દીધી હતી, જેમાં પાંચ ટ્રક-ડ્રાઈવર જીવતા જ બળીને ભડથું થઈ ગયા હતા. પોલીસને આ ઘટનામાં અત્યારસુધીમાં પાંચ ડ્રાઈવરના મૃતદેહ મળ્યા છે. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે. પોલીસે જણાવ્યું હતું કે આ ઘટના દિમા હસાઓ જિલ્લાના ઉમરંગસો લંકા રોડ પર બની હતી. આસામ પોલીસે કહ્યું હતું કે આ ભયાનક ઘટનાને અંજામ આપવાનું કામ DNLAના ઉગ્રવાદી જૂથ દ્વારા કરવામાં આવ્યું હોઈ શકે છે. જિલ્લાના એસપીએ કહ્યું હતું કે આ ઘટના બાદ આસામ રાઈફલ્સના વિસ્તારમાં મોટા પ્રમાણમાં સર્ચ-ઓપરેશન ચાલી રહ્યું છે. જિલ્લાના એસપીએ એમ પણ કહ્યું હતું કે અમે બદમાશોને પકડવા માટે આસામ રાઈફલ્સની મદદ લઈ રહ્યા છીએ અને આ સમગ્ર વિસ્તારમાં વ્યાપક શોધખોળ કરી રહ્યા છીએ. તમને જણાવી દઈએ કે આ ઘટના બાદ પોલીસ તરત જ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને ઘટનાની તપાસ શરૂ કરી હતી. પોલીસને આશા છે કે બહુ જલદી આરોપીઓ પકડાઈ જશે. તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

## વિદ્યાર્થીઓનું ભવિષ્ય જોખમ પર : માસ પ્રમોશન નબળું નીકળ્યું

અમદાવાદ,

ધોરણ ૧૨ સાયન્સમાં એક લાખ ૭ હજાર ૨૬૪ વિદ્યાર્થીનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. બોર્ડના ઈતિહાસમાં પ્રથમ વખત ૧૦૦ ટકા પરિણામ જાહેર થયું હતું, જેમાં ૩૨૪૫ વિદ્યાર્થીએ છ૧ ગ્રેડ મેળવ્યો છે, જ્યારે ૧૫ હજાર ૨૮૪ વિદ્યાર્થીએ છ૨ ગ્રેડ મેળવ્યો છે. છ ગ્રુપમાં ૪૬૬ વિદ્યાર્થીએ ૯૯ ટકાથી વધુ માર્ક મેળવ્યા છે, જ્યારે ૠ ગ્રુપમાં ૬૫૭ વિદ્યાર્થીએ ૯૯ ટકાથી વધુ માર્ક મેળવ્યા છે. અમદાવાદ શહેરમાં ૧૦૯ વિદ્યાર્થી અને અમદાવાદ ગ્રામ્યમાં ૭૩ વિદ્યાર્થીએ છ૧ ગ્રેડ મેળવ્યો છે. સૌથી વધુ ૨૬,૮૩૧ વિદ્યાર્થીએ ૠ૨ ગ્રેડ મેળવ્યો છે. ગત ૧૫ જુલાઈએ રિપીટર્સની પરીક્ષા લેવાઈ હતી, જેમાં ધોરણ ૧૨ સાયન્સના ૩૨ હજાર ૪૬૫ વિદ્યાર્થીમાંથી ૩૦ હજાર ૩૪૩ વિદ્યાર્થીએ જ પરીક્ષા આપી હતી. માત્ર ૪૬૪૯ વિદ્યાર્થીઓ જ પાસ થયા છે. એમાં ૨૨૮૧ વિદ્યાર્થીઓ અને ૨૩૬૮ વિદ્યાર્થિની છે. છ ગ્રુપમાં ૭૭૭૭ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી જેની સામે ૧૧૩૦ વિદ્યાર્થી પાસ થયા છે. જ્યારે છ ગ્રુપમાં ૧૪૨૫ વિદ્યાર્થિનીએ પરીક્ષા આપી હતી, જેમાંથી ૨૯૭ વિદ્યાર્થિની પાસ થઈ છે. B ગ્રુપમાં ૯૫૫૪ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી, જેમાંથી ૧૧૫૧ વિદ્યાર્થી જ પાસ થયા છે, જ્યારે B ગ્રુપની ૧૧૫૭૮ વિદ્યાર્થિનીએ પરીક્ષા આપી હતી, જેમાંથી ૨૦૭૧ વિદ્યાર્થિની પાસ થઈ છે. કોરોનાને લીધે ધો.૧૦-૧૨ના નિયમિત વિદ્યાર્થીઓની પરીક્ષા રદ કરાઈ છે ત્યારે ધો.૧૨ સાયન્સમાં કેન્દ્ર સરકારે સીબીએસઈની વૈકલ્પિક પરીક્ષા જાહેર કરતાં ગુજરાત બોર્ડે પણ માસ પ્રમોશનથી સંતુષ્ટ ન હોય તેવા ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ માટે ખાસ બોર્ડ પરીક્ષા લીધી હતી, જેમાં નોંધાયેલા માત્ર ૬૫ વિદ્યાર્થીમાંથી ૫૪ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી, જેમાંથી ૭૦ ટકા એટલે કે ૩૮ વિદ્યાર્થી પાસ થયા છે. ધો.૧૨ સાયન્સના ૧.૦૭ લાખ નિયમિત વિદ્યાર્થીને માસ પ્રમોશન આધારિત ફોર્મ્યુલાથી પાસ કરવામાં આવ્યા છે. ત્યારે માસ પ્રમોશન મુજબના પરિણામથી સંતુષ્ટ ન હોય એવા વિદ્યાર્થીઓને બોર્ડની માર્કશીટ જમા કરાવાની હતી અને તેમની ફરીથી પરીક્ષા લેવાવાની હતી, જે ગત ૧૨થી૧૪ ઓગસ્ટ દરમિયાન અમદાવાદમાં લેવાઈ હતી. ૧.૦૭ લાખમાંથી ૬૫ વિદ્યાર્થીએ જ માર્કશીટ જમા કરાવી હતી. આ પરીક્ષા માટે નોંધાયેલા ૬૫માંથી પણ પરીક્ષા ૫૪ વિદ્યાર્થીએ આપી હતી અને બાકીના ગેરહાજર રહ્યા હતા. પરીક્ષા આપનારા ૫૪ વિદ્યાર્થીઓનું ગઈકાલે પરિણામ જાહેર થયું છે, જેમાંથી ૩૮ વિદ્યાર્થી પાસ થયા છે. છ ગ્રુપના ૩૯ વિદ્યાર્થીમાંથી ૩૩ અને ૠ ગ્રુપના ૧૫માંથી પાંચ વિદ્યાર્થી પાસ થયા છે. છ ગ્રુપમાં પાસ થનારા ૩૩ વિદ્યાર્થીમાંથી ૩૧ છોકરા અને ૨ છોકરીઓ છે. ૠ ગ્રુપમાં પાસ થનારા ૧૫માં ૪ છોકરા અને એક છોકરી છે. મહત્ત્વનું છે કે આ બોર્ડ પરીક્ષાનું પરિણામ એકંદરે ૭૦.૩૭ ટકા સારું કહી શકાય, પરંતુ માસ પ્રમોશનમાં પાસ થયેલા ૧૬ વિદ્યાર્થીને પાસ થયેલી માર્કશીટ જમા કરાવવી ભારે પડી છે, કારણ કે આ બોર્ડ પરીક્ષામાં તેઓ નાપાસ થયા છે.

# મહીસાગર સખી-વન સ્ટોપ સેન્ટરે ત્રણ માસથી પરિવારથી વિખુટી પડી ગયેલ મહિલાનું પરિવાર સાથે મિલન કરાવ્યું

લુણાવાડા,

સખી–વન સ્ટોપ સેન્ટર એટલે ગુજરાતની મહિલાઓ માટેની એક આગવી પહેલ. જ્યાં પીડિત મહિલા પોતાની દૂઃખદ સમસ્યાઓના નિરાકરણ માટે પોતાના જીવનમાં ચાલતી સામાજિક–સાંસારિક સમસ્યાઓને દિલ ખોલી વ્યક્ત કરે છે અને તેથી આવેલ પીડિતા સાથે સાચી સખી, મિત્ર બહેનપણી, સંગી જેવુ વાતાવરણ પૂરૂં પાડવામાં આવે છે. માટે જ સખી વન સ્ટોપ સેન્ટર મહિલાઓની સાચી સખી છે.

તા.૨૬/૦૮/૨૦૨૧ ના રોજ રાત્રીના સમય ૧૨.૩૦ કલાકે ૧૮૧ અભયમ મહિલા હેલ્પ લાઇન ટીમ દ્વારા મહિલાને સખી વન સ્ટોપ સેન્ટર પર મૂકવામાં આવેલ.મહિલાને શાંતિથી બેસાડી ત્યારબાદ પૂછપરછ કરેલ પરંતુ તે નામ, સરનામું બતાવતા નહોતા. ત્યારબાદ મહિલાને આશ્રય આપવામાં આવેલ.

તા.૨૬/૦૮/૨૦૨૧ના સવારે મહિલાને જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ આપવામાં આવેલ. ત્યારબાદ ચા–નાસ્તો આપવામાં આવેલ. મહિલા કઈ પણ બોલતા નહોતા.મહિલાનું વારંવાર કાઉન્સેલિંગ કરતાં તેમણે ગામનું નામ જણાવેલ ત્યારબાદ મહિલાને બપોરનું ભોજન આપવામાં આવેલ. મહિલા માનસિક અસ્વસ્થ હોવાથી સારવાર અને કાઉન્સેલિંગ માટે માનસિક વિભાગમાં જાણ કરેલ. મહિલાના ગામનું નામ વાંકડી સિવાય બીજું કઈ જણાવતા નહતા તેથી વાંકડી પોલીસ સ્ટેશન જમાદારના સંપર્કથી ગામના આગેવાનનો સંપર્ક થતાં. આગેવાનોએ પરિવારને શોધી કાઢયો હતો. પીડિતના કુટુંબીજનોને તમામ


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

વિગતો જણાવી. હાલ પીડિતાને લેવા આવે તેમ કોઈ હતું નહીં. અને તેઓનું ગામ અંતરિયાળ વિસ્તારમાં તથા તેમના કુટુંબમાં પીડિતના માતાનું મૃત્યુ થયે ચાર દિવસ જ થયેલ હોવાથી મહિલાના પિતા તથા તેમના ભાઈ સાથે વાતચીત કરી.

ત્યારબાદ સખી વન સ્ટોપ સેન્ટર સ્ટાફ કેન્દ્ર સંચાલક અને મલ્ટીવર્કર સાથે ગામ–વાંકડી, વેણા ચોકડી, તા.સંતરામપુર વિસ્તારમાં મહિલાનું પરિવાર સાથે મિલાપ કરાવ્યુ હતું.

મહિલાના વાલી પાસે થી તેમના પોતાના અને મહિલાના પુરાવાની તપાસ આધારે તેઓ જ મહિલાના વાલી છે એની સાબિતી થતા તેમની ગુમ થયેલ દીકરી ને મહિલાના કુટુંબમાં તેમના પિતા, ભાઈ, કાકા તેમના બહેન તથા અન્ય કુટુંબી સભ્યોની હાજરીમાં પીડિત મહિલાને સહી સલામત પરિવારને સોપવામાં આવી હતી સાથે કુટુંબીજનોનું કાઉન્સેલીંગ કરેલ અને માનસિક સારવારની સલાહ સૂચન અને માર્ગદર્શન આપવામાં આવેલ. મહિલાના પરિવારે સખી વન સ્ટોપ સેન્ટરનો આભાર વ્યક્ત કરેલ. આમ, ત્રણ માસથી વિખૂટી પડી ગયેલ માનસિક અસ્વસ્થ મહિલાનું પરિવાર સાથે પુનઃસ્થાપન કરાવ્યું હતું.

# ખાનપુર તાલુકાના ખેડુતો મેઘરાજાની રીસામણાથી પરેશાન છે ત્યાં અમુક તૈયાર પાકમાં ભુંડનો રંઝાડ થી પરેશાન

ખાનપુર,

ખાનપુર તાલુકામાં ખેડૂતોને પડતા પર પાટું જેવી સ્થિતિ એક તરફ વરસાદે હાથતાળી આપી છે. એવામાં જે પાક કર્યો છે અને તૈયાર થવાની અણી પર છે. ત્યારે ભૂંડના રંઝાડના કારણે મોમાં આવેલો કોળીયો છીનવાઈ રહ્યો છે.

ખાનપુર તાલુકાના બોરવાઇ કંપા ગામના એક ખેડૂતો આ બાબતનો વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કરતા સમગ્ર પંથકમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. વાયરલ વીડિયોમાં ખેડૂત માથે હાથ દઈ કલ્પાંત કરતા સરકાર તમેજ ભગવાનને ખેડૂતો સામે જોવા


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

આજીજી કરી રહ્યો છે પોતાના મકાઈના તૈયાર થયેલા પાકને એકજ રાતમાં ભૂંડો દ્વારા નષ્ટ કરી દેવામાં આવતા ખેડૂતે કરેલી મહેનત અને ખર્ચેલા નાણાં પાણીમાં ગયા હોય ત્યારે ખેડૂત રડે નહિ તો શું કરે સમગ્ર તાલુકા તેમજ જિલ્લામાં સા વખતે વરસાદની ખેંચ એવામાં મોંઘા ખાતર,બિચારણ,પાણી ખેડ કરાવી ખેડૂતે મકાઈ, જુવાર, ડાંગર, કપાસ, ઘાસચારાના પાકો કર્યા છે. ત્યારે એકજ રાત્રિમાં ભૂંડના ઝુંડ આવીને આખી ખેતર સાફ કરી જાય છે. એક તરફ કુદરત રુઠી છે. તો બીજી તરફ ભૂંડનો ત્રાસ ખેડૂત બિચારો આખરે જાય તો જાય ક્યાં માટે ખેડૂતે કલ્પાંત કરતા પોતાની વ્યથા વીડિયોમાં વ્યકત કરી છે અને પોતાની વાત સરકાર સુધી પહોંચે અને સરકાર ખેડૂતો સામે જુવે એટલે વિધિ સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો છે.

# સંતરામપુર ખાતે ૭૨માં વન મહોસત્વની તાલુકા કક્ષાની ઉજવણી

સંતરામપુર,

સંતરામપુર તાલુકાના મોટી સરસણ ખાતે ૭૨ માં વન મહોસત્વ ની તાલુકા કક્ષાની ઉજવણી મારી (પ્રો.ડો.કુબેરભાઈ ડીંડોર)ની અધ્યક્ષતામાં વૃક્ષારોપણ કાર્યક્રમ કરવામાં આવ્યો.

જેમાં મારી (પ્રો.ડો.કુબેરભાઈ ડીંડોર) સાથે આચાર્ય સંઘ ગુજરાત રાજ્યના પ્રમુખ જય પ્રકાશભાઈ, જિલ્લાના ઉપ્રમુખ શાંતિલાલ પટેલ, તાલુકા પંચાયતના પ્રમુખ શારદાબેન પટેલીયા, તાલુકા પંચાયતના ઉપ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ,


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સચિનભાઈ શાહ તેમજ સમાજના આગેવાનો અને વડીલોની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કાર્યક્રમ કરવામાં આવ્યો.

# આમ આદમી પાર્ટી દ્વારા ખોજલવાસા ગામે જનસંવેદના મૂલાકાત કાર્યક્રમ યોજાયો

શહેરા,

શહેરા તાલૂકાના ખોજલવાસા ગામે આમ આમ આદમી પાર્ટી દ્વારા જનસંવેદના મૂલાકાત કાર્યક્રમ યોજાયો હતો.ભાજપ સરકાર સામે ઈશુદાન ગઢવીએ તીખા પ્રહારો કર્યા હતા.

શહેરા તાલુકાના ખોજલવાસા ગામે આમ આમ આદમી પાર્ટી દ્વારા જનસંવેદના મૂલાકાત કાર્યક્રમ યોજાયો હતો.આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સ્થાનિક અને આજુબાજુ ગામના ગ્રામજનો ઉપસ્થિત રહેવા સાથે ઈશુદાન ગઢવીની ઉપસ્થિતિમાં આપ પાર્ટીનો ખેસ પહેરીને તેઓ જોડાયા હતા. જ્યારે ભાજપ સરકાર સામે ઈશુદાન ગઢવીએ પણ સવાલો ઉઠાવ્યા હતા અને જણાવ્યુ હતુ.શાસન આજે છે કાલે નથી કુદરતના દરબારમા ભોગવુ પડશે. હું હજાર માણસોને લઈ આવુ જેમના પરિવારના સભ્યો ઓક્સિજનની કમીથી મૃત્યુ થયા છે. ઇંધણના વધતા જતા ભાવ વધારા સામે તેમને જણાવ્યુ કે પેટ્રોલ–ડીઝલના ભાવ વધારીને માણસના ખિસ્સામાં પૈસા રહેવા દીધા નથી. ગેસના બાટલાના ભાવ વધારી દીધા કે મહીલાની ખિસ્સામાં પણ પૈસા ન રહે. તેલના ભાવ પણ વધારી દીધા. મગફળીના ભાવ પણ મળતા નથી આમ ચારેય બાજુથી લુંટી લીધા. જ્યારે બીજી તરફ ગુજરાત પ્રદેશ પ્રમુખ ગોપાલ ઇટાલિયા પણ ભાજપ સરકાર પર આક્ષેપો કરી તેમનું વ્યકત જ આયુ હતું. જે સ્થાનિક ધારાસભ્ય દવારા આમ આદમી પાર્ટીની મિટિંગને રોકવા માટે દૂધ મંડળી બંધ કરવાના આક્ષેપો કરવામાં આવ્યો હતો. નાના માણસો ની પાર્ટી આમ આદમી પાર્ટી છે અને ૨૦૨૨મા આમ આદમી પાર્ટી ભાજપ સરકાર ને ઝાડુ મારી સત્તામાં આવશે આ જન સનવેદના કાર્યકમમાં આમ આદમી


તસ્વીર : તુષાર દરજી, શહેરા

પાર્ટીના હોદ્દેદારો તથા કાર્યકરો હાજર રહ્યા હતા.આપનેતા ઈસુદાનભાઈ ગઢવીએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યુ હતું કે, દિલ્હીમાં અરવિંદ કેજરીવાલની સરકારે કોરોનામાં મૃત્યૂ પામેલા લોકોના પરિવારજનોને આર્થિક સહાય આપી છે. ભાજપ સરકારે પણ તેમના પરિવારજનોને સહાય આપવી જોઈએ. તેના બદલે જન આર્શિવાદ યાત્રા કાઢી છે. જે તેમનું અપમાન છે. પંચમહાલમાં અમારી જનસંવેદના મૂલાકાતમાં બહોળા પ્રમાણમા લોકો જોતા એવૂ લાગે છે. ભાજપની લોકો ત્રાસી ગયા છે. કોંગ્રેસ પાર્ટી ગમતી નથી. આમ, આદમી પાર્ટીના જનસંવેદના કાર્યક્રમમા લોકો આવી રહ્યા છે. ૨૦૨૨ ની વિધાનસભાની ચુટણીને લઈને વધુમા ઉમેર્યુ હતુ કે આમ આદમી પાર્ટી વિધાનસભાની તમામ ૧૮૨ બેઠકો પર પોતાના ઉમેદવારોને ઉતારશે અને ભારી બહૂમતીથી જીત મેળવીશું તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો. પ્રદેશ પ્રમૂખ ગોપાલભાઈ ઈટાલીયા, આપ નેતા ઇસુદાનભાઈ ગઢવી સહિતના નેતાઓએ હાજર રહીને કોરોનામાં અવસાન પામેલા મૃતકોને શ્રધ્ધાજંલી પાઠવી હતી. કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# ગોધરા ખાતે ફીટ ઈન્ડીયા ફ્રીડમના સુત્ર સાથે ૨ કિ.મી. દોડ યોજાઇ



ગોધરા,

રમત ગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃતિ વિભાગ દ્વારા ‘‘આઝાદી કા અમૃત મહોત્સવ’’ અંતર્ગત ફીટ ઈન્ડીયા ફ્રીડમ (હમ ફીટ તો ઈન્ડીયા ફીટ) ના સુત્ર સાથે જાગૃતિ લાવવા માટે ૨ કિ.મી. દોડનું સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત સંચાલીત, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ગોધરા(કનેલાવ) જી. પંચમહાલ સીનીયર કોચની કચેરી દ્વારા પંચમહાલ જિલ્લાના મુખ્યમથક ગોધરામાં ૨૭મી ઓગસ્ટના રોજ ભાઈઓ માટેની ૨ કિ.મી દોડને સવારે ૦૭–૦૦ કલાકે સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે થી ગોધરા ધારાસભ્ય સી.કે.રાઉલજીના હસ્તે અને તાલુકા પ્રમુખ,શહેર પ્રમુખ,લાયન્સ કલબના સભ્યઓ,અગ્રીણી સમરસિંહ પટેલ તેમજ સ્પોર્ટસ કોમપ્લેક્ષના સીનીયર કોચ, ટ્રેનર સહિત સ્ટાફ, સભ્યોની ઉપસ્થિતિમાં ૨ કિમી દોડમાં જોડાયેલ ૧૨૯ જેટલા ખેલાડી ભાઈઓને લીલી ઝંડી આપી દોડનું પ્રસ્તાન કરાવ્યું હતું. આ દોડ સ્પોર્ટસ કોમપ્લેક્ષ થી ગોધરા શહેર વિસ્તારમાં ૧ કલાક જેટલી ફરી સ્પોર્ટસ કોમ્પલેક્ષ(કનેલાવ) ખાતે પૂર્ણ થઇ હતી. આ દોડ દ્વારા હમ ફીટ તો ઈન્ડીયા ફીટ નો સંદેશ નગરજનો સુધી પહોંચાડનો અનેરો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ દોડ દરમ્યાન જિલ્લા પોલીસ વિભાગ દ્વારા પોલીસ બંદોબસ્ત, ટ્રાફિક વાન અને પાયલોટીંગ વાનની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ દોડમાં ભાગ લેનાર ખેલાડીઓ,કોચ,ટ્રેનરોને દોડ બાદ લીંબુ પાણી અને નાસ્તાની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ દોડમાં કોવીડ –૧૯ ની સરકારની વખતો–વખતની ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરવામાં આવ્યું હતું.


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

**ABVP, SGGU દ્વારા MA, LLB, MSW જેવા અનુસ્નાતક કોર્ષની પ્રવેશ પ્રક્રિયાની તારીખ લંબાવવા માટે રજૂઆત કરવામાં આવી. જેને તાત્કાલિક સ્વીકારવામાં આવી અને પ્રવેશ પ્રક્રિયાની તારીખ ૩૧/૦૮/૨૦૨૧ સુધી લંબાવવામાં આવી.**

# હાલોલ રીંકી ચોકડી પાસે નવા બંધાતા ગોડાઉન પાસેથી ૫૭ સેન્ટીંગ પ્લેટોની ચોરી થતાં ફરિયાદ

હાલોલ,

હાલોલ રીંકી ચોકડી પાસે નજીક રેલ્વે ફાટક પાસે નવા બાંધકામ થતાં ગોડાઉન માંથી ૫૭ સેન્ટીંગ પ્લેટની ચોરી કોઇ અજાણ્યા ચોર ઈસમો કરી જતાં આ બાબતે હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ જીઆઈડીસી નજીક આવેલ રેલ્વે ફાટક પાસે નવા ગોડાઉનના કન્સ્ટ્રકશનની કામગીરી ચાલતી હોય અને સાથરોટા ગામના ગોવિંદભાઈ રાઠવા સેન્ટીંગ કોન્ટ્રાકટરનો ધંધો કરતા હોય તેમણે ગોડાઉનનો સ્લેબ ભરવા માટે ૩૦૦ લોખંડની પ્લેટોની જરૂરી હતી. તેમની પાસે સેન્ટીંગ પ્લેટ ઓછી હોવાથી અન્ય કોન્ટ્રાકટર પાસેથી ૧૫૦ નંગ સેન્ટીંગ પ્લેટ ભાડે



લાવીને સ્લેબનું કામ પુરુ કર્યું હતું. બુધવારના રોજ સેન્ટીંગ ખોલીને સેન્ટીંગની પ્લેટોને ગોડાઉનની બાજુમાં ખુલ્લી જગ્યામાં મજુરો પાસે કરાવ્યો હતો. બીજા દિવસે પ્લેટો આડી અવડી જણાતા પ્લેટો ગણતરી કરી હતી. જેમાં ૫૭ પ્લેટો કિંમત ૪૫,૬૦૦/–રૂપીયાની કોઇ અજાણ્યા ચોર ઈસમો દ્વારા ચોરી કરી જતાં આ બાબતે હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ચોરોને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે.

# ડિસેમ્બર સુધીમાં ભાવનગર-અમદાવાદ વચ્ચે ટ્રેન વ્યવહાર પૂર્વવત થઈ જશે

ભાવનગર,

બોટાદ-અમદાવાદ વચ્ચે વર્ષોથી વિલંબમાં ચાલી રહેલા ગેજ કન્વર્ઝનના કામને કારણે અમદાવાદની ટ્રેન બંધ પડી છે. હવે ગેજ કન્વર્ઝનનું કામ પૂર્ણ થઈ ગયું છે, ત્યારે ડિસેમ્બર સુધીમાં ભાવનગર-અમદાવાદ વચ્ચે ટ્રેન વ્યવહાર પૂર્વવત થઈ જવાની પશ્ચિમ રેલવેના જનરલ મેનેજરે હૈયાધારણાં આપી હતી. જીએમની મુલાકાત વેળાએ વૃક્ષારોપણનો કાર્યક્રમ પણ યોજાયો હતો. પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર આલોક કંસલે ૩ દિવસ ભાવનગર ડિવિઝનની મુલાકાત લીધી હતી.. આ દરમિયાન સ્ટડી કમિટી તથા પાર્લામેન્ટ્રી કમિટી સાથે બેઠક, ભાવનગર સ્ટેશન પર ઉપલબ્ધ પેસેન્જર સુવિધાઓનું આંકલન કર્યુ હતુ. પ્લેટફોર્મ પર પેસેન્જર વેઈટિંગ રૂમ, સ્ટેશન ઉપર યાત્રિયો માટે ઉપલબ્ધ પીવાના પાણી, પ્લેટફોર્મ પર વર્તમાનમાં ચાલી રહેલા વિકાસકાર્યાનું નિરીક્ષણ કર્યું હતું.જી.એમ.એ ગેજ કન્વર્ઝનને લઈ માહિતી આપી હતી કે, સંભવત્ ડિસેમ્બર માસમાં અમદાવાદની ટ્રેન શરૂ થઈ જશે. જે કામમાં વિલંબ થઈ રહ્યો છે, તેને ઝડપથી પૂર્ણ કરવા સુચના આપી દેવાઈ છે. રેલવેએ વિશેષ ટ્રેનના નામે ભાડા બમણાં કર્યા છે, તેમાં જણાવ્યું હતું કે, કોરોના મહામારીને કારણે યાત્રિકોની સુરક્ષા માટે ટિકિટ ભાડા વધારાયા છે. કોરોના મહામારીમાંથી મુક્તિ મળે એટલે રેલવે તંત્ર દ્વારા જૂના ભાડાથી ટ્રેનો દોડાવવા હૈયાધારણાં આપી હતી. વધુમાં લોકો પાયલોટને અગાઉ ટ્રોલી આપવામાં આવતી હતી. જેના કારણે વર્ષે કોન્ટ્રાક્ટના ત્રણથી ચાર કરોડનું ભારણ આવતું હતું. જેથી ભારેભરખમ ટ્રોલી બેગને બંધ કરાઈ છે. આગામી સમયમાં લોકો પાયલોટને ત્રણથી ચાર કિલોની ટ્રોલી બેગ અપાશે.જનરલ મેનેજર સમક્ષ હરિદ્વારની ટ્રેન શરૂ કરવા સહિતના પ્રશ્નો રજૂ કરાયા હતા. આ ઉપરાંત ટ્રેડ યુનિયન અને એસોસિએશનના સભ્યોએ પોતાના પડતર પ્રશ્નોની રજૂઆત કરી હતી. તમામ બ્રાંચના ઓફિસર સાથે બેઠક કરી નિર્દેશ અપાયા હતા. ભાવનગર રેલવે હોસ્પિટલમાં જીએમના હસ્તે પ્રતિ મિનિટ ૫૦૦ લીટરની ક્ષમતાના એક નવનિર્મિત ઓક્સિજન જનરેશન પ્લાન્ટ અને પેથોલોજી ટેસ્ટીંગ લેબનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. જેનાથી હોસ્પિટલમાં દાખલ દર્દીને ઓક્સિજનની અછત નહી પડે તેમજ ટેસ્ટ કરાવવા બહાર નહીં જવું પડે. જી.એમ.એ હોસ્પિટલમાં ઉપલબ્ધ સુવિધાઓનું પણ નિરીક્ષણ કર્યું હતું. હોસ્પિટલના લેબ સ્ટાફને ૧૦,૦૦૦ અને ઓક્સિજન પ્લાન્ટના સ્ટાફને ૧૫,૦૦૦ રોકડ ઈનામની જાહેરાત પણ કરાઈ હતી.

# હાલોલ જનતા સહકારી બેંકની વિશિષ્ટ સિદ્ધિઓ નિમિત્તે સન્માનિત કાર્યક્રમ યોજાયો

હાલોલ,

પંચમહાલ હાલોલ દશા ઝારોળા વણિક પંચની વાડી ખાતે જનતા સહકારી બેંક લિમિટેડ હાલોલ દ્વારા ડોકટર ઓફ ફિલોસોફી પદવીથી સન્માનિત ષષ્ઠપીઠાધીશ્વર પૂ.ગો.૧૦૮ ડો.દ્વારકેશલાલજી મહરાજ ના અભિવાદન સાથે બેન્ક ની વિશિષ્ટ સિદ્ધિઓ પ્રાપ્ત નિમિતે સન્માનિત કાર્યક્રમ યોજાયો.

હાલોલ શહેર ખાતે આવેલ જનતા સહકારી બેંક લિમિટેડ દ્વારા અનેક સિદ્ધિઓ પ્રાપ્ત નિમિતે સન્માનિત કાર્યક્રમ અંતર્ગત ૧૨૧ કરોડ ની થાપણો સાથે રાષ્ટ્રીય અને રાજય કક્ષાએ ૧૩ મો બાંકો બ્લ્યુ રિબોન એવોર્ડ સાથે U.P.I લોન્ચિંગ સહિત ની સિદ્ધિ ઓ પ્રાપ્ત


તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

કરી હતી. કંજરી સ્ટેટ યુવરાજ મયુરદવજ સિંહ તથા હાલોલ નગરપાલિકા પ્રમુખ વિભાક્ષીબેન દેસાઈ તથા હાલોલ શહેર પ્રમુખ અને જનતા સહકારી બેંક લિમિટેડ હાલોલ ના ચેરમેન રાજનભાઈ શાહ અને મેનેજિંગ ડિરેકટર અશોકભાઈ શાહ તથા સતીષભાઈ શાહ અને ઉપેન્દ્રસિંહ પટેલ તથા દિપક કુમાર તથા મુકેશભાઈ તથા શ્રુતિ શર્મા અને વંદના બેન મોદી ડીટેકટર તથા પ્રોડકશન ડિરેક્ટર નવનીત ભાઈ વરીયા અને વરૂણ કુમાર પટેલ તથા કમીટી ના સભ્યોમાંથી ચેરમેન ઉપેન્દ્રસિંહ પટેલ અને અન્ય સભ્યો સાથે અશોકભાઈ શાહ તથા રૂદ્રેશભાઈ ત્રિવેદી અને ધવલ ભાઈ પરીખ તથા મનીષભાઈ વહેપારી મંડળના પ્રમુખ હાલોલ અર્બન બેંકના વા. ચેરમેન કનુભાઈ શાહ સહિતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં વિવિધ યોજનાઓ લક્ષી સેવાઓની જાણકારી આપી હતી અને માર્ગદર્શીત કરી જનતા બેન્ક લિમિટેડ હાલોલની સરળ લોન સુવિધાઓ ઉપલબ્ધ લોકર્સ સુવિધા E.C.S સુવિધાઓ ઉપલબ્ધ છે. જેમાં દરેક સભાસદ તથા લોકર ધારકો એ પોતાનું બચત ખાતુ ખોલીને સહકાર આપવા જણાવાયું હતું. જેમાં દરેક ખાતેદાર ગ્રાહકો એ પોતાના આધારકાર્ડ તથા પાનકાર્ડની ઝેરોક્ષ બેન્કમાં જમા કરાવી K.Y.C ની પુર્તતા કરાવવી જેથી KYC નંબર મેળવી લેવો હિતાવહ જણાવ્યું હતું.

### દાહોદ જિલ્લામાં કલેકટરએ જાહેરનામા દ્વારા આગામી

# જન્માષ્ટમી અને ગણેશ મહોત્સવ દરમિયાન જનહિતને ધ્યાને રાખીને કેટલાંક પ્રતિબંધો મૂકયાં

દાહોદ,

દાહોદ જિલ્લામાં કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીએ એક જાહેરનામા દ્વારા આગામી જન્માષ્ટમી અને ગણેશ મહોત્સવ દરમિયાન જનહિતને ધ્યાને રાખીને કેટલાંક પ્રતિબંધો મૂકયાં છે. કોરોનાની સંભવિત ત્રીજી લહેરની શકયતાને ધ્યાને રાખીને આ પ્રતિબંધો મૂકવામાં આવ્યા છે.



જાહેરનામાં મુજબ, આગામી તા.૩૦ ઓગસ્ટને જન્માષ્ટમીને દિવસે રાત્રીને ૧૨ કલાકે પરંપરાગત રીતે કૃષ્ણજન્મની ઉજવણી કરી શકાશે. આ ઉજવણીમાં માસ્ક અને સામાજિક અંતરના નિયમોનું નાગરિકોએ ચુસ્ત પાલન કરવાનું રહેશે. મંદિર પરિસરમાં એક સાથે ૨૦૦ વ્યક્તિ જ સામાજિક અંતરના નિયમ સાથે દર્શન કરી શકશે. મંદિરમાં ફરજીયાત માસ્ક, સામાજિક અંતર તેમજ ગોળ કુંડાળા કરીને ઉભા રહીને દર્શન કરવાના રહેશે. આ તહેવાર સંદર્ભે મહત્તમ ૨૦૦ વ્યક્તિ સાથે મર્યાદિત રૂટ પર પારંપરિક નિકળતી શોભાયાત્રા મર્યાદિત વાહનો સાથે આયોજન કરી શકાશે. આ ઉપરાંત કોરોના નિયંત્રણ માટે ગૃહ વિભાગે જાહેર કરેલી માર્ગદર્શિકાનું પણ ધાર્મિક સ્થાનોએ ચુસ્ત પાલન કરવાનું રહેશે. આ તહેવારમાં મટકી ફોડના કાર્યક્રમનું આયોજન કરી શકાશે નહી.

આ ઉપરાંત જાહેરનામામાં આગામી તા.૯ સપ્ટેમ્બરથી તા.૧૯ સપ્ટેમ્બર દરમિયાન યોજનારા ગણેશ મહોત્સવ અંગે પણ નિયમો તેમજ પ્રતિબંધો અમલી બનાવ્યા છે. સાર્વજનિક ગણેશ મહોત્સવમાં મહત્તમ ૪ ફૂટની જયારે ઘરમાં મહત્તમ ૨ ફૂટની ગણેશમૂર્તિનું સ્થાપન કરી શકાશે. સાર્વજનિક ગણેશ મહોત્સવમાં પંડાલ મંડપ શક્ય તેટલો નાનો રાખવાનો રહેશે. તેમજ સામાજિક અંતર જળવાઈ રહે તે માટે ગોળ કુંડાળાની વ્યવસ્થા કરવાની રહેશે. આ ઉપરાંત પૂજા, આરતી, પ્રસાદ વિતરણ કરી શકાશે પરંતુ અન્ય કોઇ ધાર્મિક–સાંસ્કૃતિક કાર્યક્રમ યોજી શકાશે નહી.

ગણેશ સ્થાપન અને વિર્સજન માટે મહત્તમ ૧૫ વ્યક્તિઓની મર્યાદામાં ફક્ત એક જ વાહન મારફતે કરી શકાશે. ઘરે સ્થાપન કરેલી મૂર્તિનું ઘરે જ વિર્સજન કરવાનું હિતાવહ રહેશે. સ્થાનિક સત્તામંડળે ગણેશ વિસર્જન માટે વધારેમાં વધારે વિસર્જન કુંડ બનાવવાના રહેશે. તેમજ નજીકનાં વિસર્જન કુંડ ખાતે વિસર્જન કરી શકાશે. હુકમનો ભંગ કરનાર સામે કાયદેસરના પગલા લેવામાં આવશે. આ જાહેરનામું તા. ૨૭ ઓગસ્ટના રોજ કલેક્ટર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

## રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫ મી જન્મજયંતિ નિમિત્તે દાહોદ જિલ્લામાં કસુંબીનો રંગ સાસ્કૃતિક કાર્યક્રમ યોજાશે

દાહોદ,

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫ મી જન્મજયંતિ નિમિત્તે દાહોદ જિલ્લામાં કસુંબીનો રંગ ઉત્સવ સાસ્કૃતિક કાર્યક્રમ યોજી તેમને ભાવાંજલી આપવામાં આવશે. આ સાંસ્કૃતિક કાર્યક્રમ આગામી તા. ૨૮ ઓગસ્ટે, શનીવારે સવારે ૧૦.૩૦ કલાકથી દાહોદની નવજીવન આર્ટસ એન્ડ કોર્મસ કોલેજ ખાતે સાંસદ જસવંતસિંહ ભાભોરની અધ્યક્ષતામાં યોજવામાં આવશે. આ ઉપરાંત જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા તેમજ ધારાસભ્યઓ સહિતનાં પદાધિકારીઓ–અધિકારીઓ ઉપસ્થિત રહેશે.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

કાર્યક્રમનાં સુચારૂ આયોજન માટે જિલ્લા સેવા સદન ખાતે નિવાસી અધિક કલેક્ટર અશોક પાંડોરની અધ્યક્ષતામાં એક બેઠક પણ યોજાઇ હતી. જેમાં કાર્યક્રમ અંગેની રૂપરેખા નક્કી કરવામાં આવી હતી. કસુંબીનો રંગ સાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત ઝવેરચંદ મેઘાણીના પુસ્તકોના સેટ જિલ્લા અને તાલુકા ગ્રંથાલયોને વિતરિત કરાશે. આ ઉપરાંત મેઘાણી રચિત ગીતોની પ્રસ્તુતિ કપિલ ત્રિવેદીના સંગીત ગ્રુપ દ્વારા કરવામાં આવશે. તેમજ કાર્યક્રમ સ્થળે મેઘાણીનાં જીવનકવન પર દસ્તાવેજી ફિલ્મ દર્શાવાશે. બેઠકમાં રમત ગમત અધિકારી વિરલ ચૌધરી સહિતનાં અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# ઝાલોદના અવનપુરા ગામ પાસેથી ટેમ્પોમાં લઈ જવાતો ૨.૭૨ લાખના દારૂ સાથે બે ઈસમોને LCBએ ઝડપ્યા

ઝાલોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના અનવરપુરા ગામેથી દાહોદ એલ.સી.બી. પોલીસને મળેલ બાતમીના આધારે વોચ ગોઠવી બાતમીમાં દર્શાવિલ એક ટેમ્પાને ઉભો રખાવી તેની અંદર તલાસી લેતાં વિદેશી દારૂનો બોટલો નંગ. ૨૭૭૨ કિંમત રૂ.૨,૭૨,૫૬૭ ના પ્રોહી જથ્થા સાથે બે જણાની અટકાયત કરી તેઓની પાસેથી મોબાઈલ ફોન વિગેરે મળી તેમજ ટેમ્પાની કિંમત મળી કુલ રૂ.૫,૨૮,૫૬૭નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યાનું જાણવા મળે છે.



ગતરોજ દાહોદ એલ.સી.બી. પોલીસને મળેલ બાતમીના આધારે ઝાલોદ તાલુકાના અનવરપુરા ગામેથી રાજસ્થાન બાંસવાડા બાજુથી ઝાલોદ તરફ આવતાં હાઈવે રસ્તા ઉપર વોચ ગોઠવી ઉભા હતાં. આ દરમ્યાન બાતમીમાં દર્શાવિલ એક ટેમ્પો ત્યાંથી પસાર થતાં પોલીસે તેને ચારેય તરફથી ઘેરી લીધો હતો અને અંદર સવાર ચાલક સહિત બે જણા અરવિંદભાઈ હેમચંદભાઈ નટ (રહે. સાબલા મુંગેડ આસપુર, તા.સાબલા, જિ. ડુંગરપુર, રાજસ્થાન) અને સુરેશસિંહ ઉદેસિંગ સોલંકી (રહે. ગજસિંહ કી ભાગળ, તા. આમેટ, જિ. રાજસમંત, રાજસ્થાન) ની અટક કરી ટેમ્પાની તલાતી લેતાં તેમાંથી વિદેશી દારૂની બોટલો નંગ. ૨૭૭૨ કિંમત રૂા.૨,૭૨,૫૬૭, ઝડપાયેલ બંન્ને ઈસમો પાસેથી મોબાઈલ ફોન અને ટેમ્પાની કિંમત વિગેરે મળી પોલીસે કુલ રૂા. ૫,૨૮,૫૬૭નો મુદ્દામાલ કબજે કર્યો હતો જયારે મનોરસિંગ બાપુ (રાણા) (રહે. રાણાકાગુડા નાગદ્વારા, જી. ઉદેપુર, રાજસ્થાન) અને સેરસા ઉર્ફે રાજુ ખટીક (રહે. ગોધરા) નાઓએ એકબીજાના મેળાપીપણામાં આ વિદેશી દારૂ ભરી આપ્યો અને મંગાવ્યો હોવાનું સામે આવતાં ઝાલોદ પોલીસે તમામ વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## અમદાવાદના બોપલમાં ભૂગર્ભ ગટરમાં સફાઈ કરવા ઉતરેલા ૩ મજૂરો ગુંગળાયા : બેના મોત

દાહોદ,

અમદાવાદ શહેરના બોપલ વિસ્તારમાં ડી.પી.એસ સ્કૂલ પાસે ગટરમાં સફાઇ કરવા ઉતરેલા કામદારો ઝેરી ગેસથી ગુંગળાયા છે. ત્રણ મજૂરોમાંથી ગૂંગળામણ થતાં બે મજૂરોનાં મોત થયાં છે અને ત્રીજાની શોધખોળ હજુ ચાલુ છે. ઘટનાની જાણ થતા પોલીસ અને ફાયરનાં જવાનો ઘટનાસ્થળે પહોંચીને એક મજૂરની શોધખોળની કામગીરી હાથ ધરી છે.

દાહોદ જિલ્લાના તાલુકાના વાંદરીયા ગામના નીશાળ હોળી ફળીયાના રેહવાસી (૧)ભરતભાઈ મનુ ભાઈ મેડાર,(૨) રાજેશભાઈ કનુભાઈ મેડા, (૩) સંદીપભાઈ કનુભાઈ મેડા સહીત ત્રણ કામદારો પરીવાર સાથે યોગી કન્ટ્રકશનમાં કામ કરતા હતા.તેઓ ગઈકાલે બોપલ વિસ્તારમાં ડ્રેનજ લાઈનની કામગીરી ચાલી રહી હતી. આ દરમિયાન લાઈન ચાલુ કરવાની હતી અને પાઈપમાં કચરો ભરાઈ ગયો હતો. જેથી એક મજૂર ડ્રેનેજમાં ઉતર્યો હતો. ડ્રેનેજમાં ઉતર્યા બાદ થોડી વારમાં ગૂંગળામણને કારણે મજૂર અંદર બેભાન થયો હતો. જેના લીધે તેને બચાવવા માટે બે મજૂરો ઉતર્યા હતા. જેમાંથી બે મજૂરોના મોત થયા છે, જયારે એકની શોધખોળ હાથ ધરવામાં આવી રહી છે.

સ્થાનિક લોકોએ પોલીસ અને ફાયર બિગ્રેડને જાણ કરી હતી. જેના પગલે પોલીસ કાફલો અને ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે આવી પહોંચી હતી. જે બાદ ગટરમાં સફાઇ કામ માટે ગયેલા મજૂરોને બહાર કાઢવા રેસ્ક્યુ કામગીરી હાથ ધરાઇ હતી. ફાયરના જવાનોએ ગટર પોઈન્ટ પાસે ખોદકામ કરીને ત્રીજા મજૂરને શોધવાના પ્રયાસો શરૂ કર્યા હતાં. બહાર કાઢવામાં આવેલા બે મજૂરોને સોલા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું.

## દાહોદ જીલ્લામાં બે અલગ-અલગ સ્થળે થી બે સગીરાઓનું અપહરણ કર્યાની ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લામાંથી બે જુદી જુદીએથી બે યુવકો દ્વારા બે સગીર વયની યુવતીઓને લગ્નની લાલચ આપી પત્નિ તરીકે રાખવા સારૂં અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાયાનું જાણવા મળે છે.

સગીરાના અપહરણનો પ્રથમ બનાવ દેવગઢ બારીઆ તાલુકાના નાડાતોડ ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૦૮મી જુલાઈના રોજ દેવગઢ બારીઆ તાલુકાના માંડવ ગામે રહેતો લાલુભાઈ પારસીંગભાઈ નાયકે દેવગઢ બારીઆ તાલુકામાં રહેતી એક સગીરાને પત્નિ તરીકે રાખવા સારૂં પટાવી ફોસલાવી, લગ્નની લાલચ આપી, સગીરાનું અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના વાલી વારસ દ્વારા સાગટાળા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સગીરાના અપહરણનો બીજો બનાવ ફતેપુરા તાલુકાના મકવાણાના વરૂણા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૨૩મી ઓગષ્ટના રોજ કોઈ અજાણ્યા ઈસમે ફતેપુરા તાલુકામાં રહેતી એક ૧૬ વર્ષીય સગીરાનું અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના પિતા દ્વારા સુખસર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## લીમખેડાના પાણીયા ગામે જુગાર રમતા ૮ ઈસમોને પોલીસે ઝડપ્યા

લીમખેડા,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના પાણીયા ગામે જાહેરમાં પાના પત્તા વડે જુગાર રમી રહેલ ૦૮ જણાને પોલીસે દબોચી લઈ તેઓની પાસેથી રોકડા રૂપીયા ૧૦,૬૬૦ની રકમ કબજે કરી હોવાનું જાણવા મળે છે.

ગત તા.૨૬મી ઓગષ્ટના રોજ પાણીયા ગામે વકીલ ફળિયામાં જાહેરમાં પાના પત્તા વડે પૈસાથી હારજીતનો જુગાર ખુલ્લી જગ્યામાં પાના પત્તા વડે પૈસાથી હારજીતનો જુગાર રમતાં હોવાની પોલીસે બાતમી મળતાં પોલીસે ઓચિંતો છાપો મારતાં જુગારીઓમાં નાસભાગના દ્રશ્યો સર્જાયાં હતાં પરંતુ પોલીસે આઠેય જુગારીઓને ચારેય તરફથી ઘેરી લઈ ઝડપી પાડી તેઓની અંગ ઝડતી અને દાવ પરથી કુલ રોકડા રૂપીયા ૧૦,૬૬૦ની રોકડ રકમ કબજે કરી લીમખેડા પોલીસે ઝડપાયેલ જુગારીઓ વિરૂધ્ધ જુગાર ધારાની કલમ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વડાપ્રધાન મોદી જલિયાંવાલા બાગનું નવા પરિસરનું ઉદ્ઘાટન કરશે

ન્યુ દિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૮ ઓગષ્ટના રોજ જલિયાંવાલા બાગ સ્મારકના પુનર્નિર્મિત એટલે કે, રિનોવેટેડ પરિસરને રાષ્ટ્રને સમર્પિત કરશે. આ પ્રસંગે વડાપ્રધાન સ્મારકમાં સંગ્રહાલય દીર્ઘાઓનું (ગેલેરી) પણ ઉદ્ઘાટન કરશે. વડાપ્રધાન મોદી ૨૮ ઓગષ્ટના રોજ સાંજે ૬:૨૫ કલાકે વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી જલિયાંવાલા બાગને રાષ્ટ્રને સમર્પિત કરશે. આ આયોજન દરમિયાન પરિસરને વધુ સારૂ બનાવવા માટે સરકાર દ્વારા કરવામાં આવેલા પ્રયત્નો પણ દર્શાવવામાં આવશે. આ બાગના કેન્દ્રીય સ્થળ ગણાતા 'જ્વાળા સ્મારક'ના સમારકામની સાથે સાથે તેનું પુનર્નિર્માણ કરવામાં આવ્યું છે. ત્યાંના તળાવને 'લિલી તળાવ' તરીકે ફરી વિકસિત કરવામાં આવ્યું છે અને લોકોની સુવિધા માટે રસ્તા પહોળા કરવામાં આવ્યા છે. સાથે જ તમામ



મહત્વપૂર્ણ સ્થળોને રોશની દ્વારા હાઈલાઈટ કરવામાં આવ્યા છે. તે સિવાય દેશી વૃક્ષારોપણની સાથે વધુ સારા ભૂદ્રશ્ય અને ચટ્ટાનોયુક્ત નિર્માણ કાર્ય, આખા બગીચામાં ઓડિયો નોડ્સ લગાવવાનું પણ ચાલુ છે. ઉપરાંત મોક્ષ સ્થળ, અમર જયોત અને ધ્વજ મસ્તૂલને વ્યવસ્થિત કરવા અનેક નવા ક્ષેત્રોનો વિકાસ કરવામાં આવ્યો છે. કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રી, કેન્દ્રીય આવાસન અને શહેરી કાર્ય મંત્રી, સંસ્કૃતિ રાજ્ય મંત્રી, પંજાબના રાજયપાલ અને મુખ્યમંત્રી, હરિયાણા, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી, પંજાબના તમામ લોકસભા અને રાજયસભા સાંસદ, જલિયાંવાલા બાગ રાષ્ટ્રીય સ્મારક ન્યાસના સદસ્યગણ વગેરે આ અવસરે ઉપસ્થિત રહેશે. આ ઈમારત ઘણાં લાંબા સમયથી ખાલી પડી હતી અને તેનો ખૂબ ઓછો ઉપયોગ થઈ રહ્યો હતો. આ કારણે ઈમારતોને ફરી ઉપયોગમાં લેવા ૪ સંગ્રહાલય ગેલેરીઝ નિર્મિત કરવામાં આવી છે. આ ગેલેરીઝ તે સમય દરમિયાન પંજાબમાં ઘટિત વિવિધ ઘટનાઓના વિશેષ ઐતિહાસિક મહત્વને દર્શાવે છે. તે ઘટનાઓ દેખાડવા માટે શ્રવ્ય-દ્રશ્ય તકનીક દ્વારા પ્રસ્તુતિ કરવામાં આવશે જેમાં મેપિંગ અને ૩ડી ચિત્રણની સાથે સાથે કલા અને મૂર્તિકલાનો પણ સમાવેશ થાય છે. ૧૩ એપ્રિલ, ૧૯૧૯ના રોજ ઘટિત વિવિધ ઘટનાઓને દર્શાવવા માટે એક સાઉન્ડ એન્ડ લાઈટ શોની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આ પરિસરમાં વિકાસ સાથે સંકળાયેલી અનેક પહેલ કરવામાં આવી છે. પંજાબની સ્થાનિક શૈલી પ્રમાણે જ ધરોહર સંબંધી વિસ્તૃત પુનર્નિર્માણ કાર્ય કરવામાં આવ્યા છે. શહીદી કુવાનું સમારકામ કરવામાં આવ્યું છે અને નવવિકસિત ઉત્તમ સંરચના સાથે તેનું પુનર્નિર્માણ કરવામાં આવ્યું છે.

## સંજેલી ખાતેની ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં પ્રવેશ મેળવવા ઉમેદવારો ૧૦ સપ્ટેમ્બર સુધીમાં અરજી કરવાની રહેશે

દાહોદ,

સંજેલી ખાતેની ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં પ્રવેશસત્ર ૨૦૨૧ માં પ્રથમ તબક્કાનાં અંતે ખાલી રહેલી બેઠકો પર બીજા તબક્કામાં ઓનલાઇન પ્રવેશની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. ઉમેદવારો માટે પ્રવેશ ફોર્મ આઇ.ટી.આઇ. ખાતે રૂબરૂ રજીસ્ટર કરવાની છેલ્લી તા. ૧૦ સપ્ટેમ્બર છે. તેમજ મેરીટ લીસ્ટ આગામી તા. ૧૨ સપ્ટેમ્બરે પસિદ્ધ થશે. રૂબરૂ મુલાકાત તા. ૧૩ થી ૧૫ સપ્ટેમ્બર દરમિયાન યોજાશે. જેથી પ્રવેશ મેળવવા ઇચ્છતાં ઉમેદવારો ઓનલાઇન ફોર્મ રોજગાર અને તાલીમ ખાતાની વેબસાઇટ http://itiadmission.gujarat.gov.in પરથી ભરી શકશે. સંજેલીના આચાર્યએ એક યાદીમાં ઉક્ત માહિતી આપી છે.

## દાહોદ હનુમાન બજારમાં બાઈકની ચોરી કરતાં વાહન ચોર

દાહોદ,

દાહોદ શહેરમાં આવેલ હનુમાન બજારમાંથી ભરબપોરના સમયે એક વ્યક્તિની લોક મારી પાર્ક કરેલ મોટરસાઈકલ ઉઠાંતરી થયાનું જાણવા મળે છે.

દાહોદ શહેરમાં બહારપુરા વિસ્તારમાં રહેતાં વિજયભાઈ મડીયાભાઈ ચૌહાણ ગત તા. દાહોદ શહેરના હનુમાન બજાર ખાતે કોઈ કામ અર્થે આવ્યાં હતાં અને તેઓને પોતાની મોટરસાઈકલ બપોરના અઢી વાગ્યાના આસપાસ સેન્ટ્રલ બેંન્કની સામે લોક મારી પાર્ક કરી ગયાં હતાં. આ મોટરસાઈકલને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે વિજયભાઈ મડીયાભાઈ ચૌહાણે દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદનાં ખેડૂતો વનબંધુ કલ્યાણ યોજના-૨ અંતર્ગત બાગાયતી ખાતાની વિવિધ યોજનાઓનો લાભ લેવા માટે ઓનલાઇન અરજી કરી શકશે

દાહોદ,

વનબંધુ કલ્યાણ યોજના –૨ હેઠળ બાગાયત ખાતા હસ્તકના બાગાયતી પાકોનાં વાવેતર માટે પ્લા. મટીરીયલમાં ૯૦% સહાય આપવાનો કાર્યક્રમ તથા પ્લગ નર્સરી (૨૦૦ થી ૫૦૦ ચો.મી. સુધી)'' જેવા ઘટકમાં લાભ લેવા માટે આગામી તા. ૩૦–૦૯–૨૧ સુધી અરજી ઓનલાઇન કરવા માટે આઇ–ખેડુત પોર્ટલ ખુલ્લુ મુકવામાં આવ્યું છે.

જે ખેડૂતો લાભાર્થીઓ આ યોજનાનો લાભ લેવો હોય તેમણે સમય મર્યાદામાં ઓન લાઈન અરજી કરી અરજીની નકલ સાથે આધારકાર્ડ, બેંકપાસ બુક કે રદ કરેલ ચેક, રેશનકાર્ડ જેવા સાધીનક કાગળો સાથેની અરજી રૂબરૂ અથવા ટપાલથી નાયબ બાગાયત નિયામકની કચેરી, દાહોદ રૂમ નં ૨૩૩–૩૫, બીજો માળ જીલ્લા સેવા સદન, છાપરી રોડ દાહોદ ખાતે જમા કરવાની રેહેશે. તેમ દાહોદનાં નાયબ બાગાયત નિયામકએ એક યાદીમાં જણાવ્યું છે.

# ત્રીજી લહેર સામે ગુજરાત આરોગ્ય તંત્ર સજ્જ

અમદાવાદ,

આખા વિશ્વમાં ફેલાયેલી કોરોના મહામારીમાં ગુજરાતે પણ ઘણું સહન કર્યું અને ગુમાવ્યું પણ છે, ખાસ કરીને કોરોનાની બીજી લહેર ગુજરાત માટે ઘાતક પુરવાર થઈ હતી, સરકારની કામગીરી સામે અનેક આક્ષેપો થયા હતા, બીજી લહેરની નિષ્ફળતામાંથી શીખ લઈને સંભવિત ત્રીજી લહેર માટેની ૫૦%થી વધુ તૈયારી કરી દીધી છે આગામી દિવસોમાં ત્રીજી લહેર સામે લડવા સરકાર સંપૂર્ણ સજ્ઞ થઈ જશે તેવું આરોગ્ય વિભાગ માની રહ્યું છે. ત્રીજી લહેરનો મુકાબલો કરવા સરકારે એક મહિના પહેલાથી જ એક્શન પ્લાન અમલમાં મૂકી દીધો છે. કોરોનાની ત્રીજી લહેર માટે સરકારની તૈયારીઓ આ પ્રમાણે રહેશે. ગામડાના સરપંચથી લઈને સાંસદો તથા કલેકટરથી મ્યુનિસિપલ કમિશનરને કામે લગાડી જે તે ગામ શહેરની હાલની પરિસ્થિતિ અને ભવિષ્યમાં ત્રીજી લહેર સામે લડવા જરૂરિયાત અંગેનો વિસ્તૃત રિપોર્ટ



માંગવામાં આવી રહ્યો છે. રાજય સરકારની કેબિનેટની ગઈકાલે મળેલી બેઠકમાં આજે કોરોનાની વર્તમાન સ્થિતિ,વેક્સિનેશન, તબીબી સેવાઓ સહિત અનેકવિધ મુદ્દે બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. જેમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આરોગ્ય વિભાગ સાથે ત્રીજી લહેર અંગે પણ સમીક્ષા કરીને મંત્રીમંડળને માહિતગાર કર્યા હતા. વિજય રૂપાણીએ કહ્યું હતું કે, કોરોના સંક્રમણ નિયંત્રણ અને સારવારનો પહેલી લહેર અને બીજી લહેરનો જે અનુભવ, સારવાર પદ્ધતિ આપણી પાસે છે તેના આધાર ઉપર ત્રીજી સંભવિત વેવમાં ઓછામાં ઓછા લોકો સંક્રમિત થાય, મૃત્યુદર પણ સાવ ઓછો રહે એ દિશામાં પ્રયત્નશીલ રહેવાની આવશ્યકતા છે. તેમણે થર્ડ વેવથી બચવા-રક્ષણ મેળવવા રાજ્યમાં મોટાપાયે લોકોનું વેક્સિનેશન થાય તે માટે તજજ્ઞ તબીબો પ્રચાર-પ્રસારમાં રાજ્ય સરકાર સાથે જોડાય તેવી અપિલ પણ કરી હતી. આ ટાસ્ક ફોર્સ કમિટિની ઉચ્ચસ્તરીય બેઠકમાં મ્યુકોરમાયરોસીસના રોગચાળા અને તેની સારવાર અંગે પણ ચર્ચા હાથ ધરાઇ હતી. ગુજરાતમાં કોરોનાની પહેલી લહેર કરતા બીજી લહેર ખુબજ ઘાતક બની ગઈ હતી. ખાસ કરીને હોસ્પિટલમાં બેડ, ઓક્સિજન અને દવાઓ સહિત ઈનજક્શનની અછત સર્જાતા રાજ્યમાં મેડિકલ ઈમર્જન્સી જેવી સ્થિતિ ઉભી થઈ હતી. તેમજ બીજી લહેરમાં ગામડાઓ ઝપેટમાં આવી જતા ટાંચા સાધનોને કારણે ગામડાઓમાં કોરોનાએ હાહાકાર મચાવી દીધો હતો. કોરોનાની બીજી લહેરમાં સરકારની નિષ્ફળતામાંથી બોધપાઠ લઈને સંભવિત ત્રીજી લહેર સામે સરકાર સજાગ બની ગઈ છે અને તેના માટે તંત્રને કામે લગાડી દીધું છે. ગુજરાતમાં બીજી લહેરના કહેર દરમિયાન દૈનિક મહત્તમ ૧૪૬૦૫ કેસ આવતા હતા, જયારે ત્રીજી લહેરની તૈયારી ના ભાગરૂપે રોજના ૨૫ હજાર કેસ આવે તેને પહોંચી વળવા ની વ્યવસ્થા કરવામાં આવી છે, જયારે બીજી લહેરમાં મહત્તમ એક્ટિવ કેસ ૧ લાખ ૪૮ હજાર સુધી આવતા હતા, જયારે ત્રીજી લહેર સામે લડવા એક્ટિવ કેસ ૨ લાખ ૫૦ હજાર આવે તેનો સામનો કરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવશે.

## બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા વકીલોની હડતાળોને ઓછી કરવા માટે પ્રયાસ કરશે

ન્યુ દિલ્હી,

ભારતમાં વિવિધ રાજ્યોમાં વકીલો કોઈને કોઈ કારણસર છાશવારે હડતાળ પર ઉતરતા હોય છે. વકીલોની હડતાળ ઓછી કરવા માટે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા સક્રિય થયુ છે.બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા આ માટે વિવિધ રાજ્યોની બાર કાઉન્સિલની બેઠક બોલાવવામાં આવી છે. અંગે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ સુપ્રીમ કોર્ટને જાણકારી આપી હતી. બ્ઠકનુ આયોજન ૪ સપ્ટેમ્બરે કરવામાં આવ્યુ છે.બાર કાઉન્સિલના અધ્યક્ષ મનન કુમાર મિશ્રાએ સુપ્રીમ કોર્ટને કહ્યુ હતુ કે, આ બેઠકમાં વકીલોની હડતાળો ઓછી કરવા માટે નિયમ બનાવવા માટે તેમજ હડતાળ પાડવા માટે બીજા વકીલોને ભડકાવનારા વકીલો સામે કાર્યવાહી કરવા માટે પ્રસ્તાવ મુકીશું.સુપ્રીમ કોર્ટે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના આ પ્રયાસના વખાણ કર્યા છે. પહેલા સુપ્રીમ કોર્ટે ઉત્તરાખંડમાં વકીલો દ્વારા પાકિસ્તાનમાં થયેલા બોમ્બ વિસ્ફોટ અને નેપાળમાં ભૂકંપ જેવા કારણોસર હડતાળ પાડવા સામે નાજરાગી વ્યકત કરી હતી. મામલે સુપ્રીમ કોર્ટે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા પાસે જવાબ પણ માંગ્યો હતો.

## કેન્દ્ર સરકાર દ્વારા ઓપરેશન ગ્રીન હેઠળ ગુજરાતના ટામેટા, બટાકા અને ડુંગળીનો સમાવેશ

બનાસકાંઠા,

બનાસકાંઠા સહિત ડીસા પંથકના ખેડૂતોને છેલ્લા ૫ વર્ષથી બટાકાનો પોષણક્ષમ ભાવ ન મળતાં મંદીનો માર ઝીલી રહ્યાં છે. ત્યારે રાજ્યસભાના સાંસદ દિનેશભાઈ અનાવાડીયાની રજૂઆત બાદ કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાત અને ખાસ કરીને બનાસકાંઠાને ઓપરેશન ગ્રીન યોજનામાં સમાવેશ કરતાં ખેડૂતોને આંશિક રાહત મળશે. ડીસાના બટાકાની માંગ બહારના રાજ્યોમાં પણ સૌથી વધુ હોવાના કારણે દર વર્ષે ડીસા તાલુકામાં સૌથી વધુ બટાટાનું વાવેતર ખેડૂતો કરી રહ્યાં છે.નું પુષ્કળ પ્રમાણમાં વાવેતર કરે છે પરંતુ છેલ્લા પાંચ વર્ષથી ખેડૂતોને બટાકાનો પોષણક્ષમ ભાવ ન મળતાં નુકશાન વેઠવાનો વારો આવી રહ્યો છે.ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતલક્ષી ઓપરેશન ગ્રીન T.O.P (ટામેટા, ડુંગળી, બટાકા) યોજના ચાલુ કરી હતી. જેમાં આસામ, યુપી, મેઘાલય, ઉત્તરાખંડ અને પુણેનો સમાવેશ કરલ્રયો હતો. જ્યારે ગુજરાતને આ યોજનાથી બાકાત રાખ્યો હતો. ગુજરાતમાં ટામેટા માટે જ આ યોજના ચાલુ રાખી છે પરંતુ ગુજરાતમાં મોટાભાગના નાના મોટા ખેડૂતો બટાકાને ડુંગળીનું સૌથી વધુ વાવેતર કરે છે અને છેલ્લા ઘણા વર્ષોથી ગુજરાતના ખેડૂતો તેમાંય વળી ખાસ કરીને ડીસાના ખેડૂતો બટાકાના પાકમાં સૌથી વધુ નુકસાન વેઠી રહ્યા છે પ્રધાનમંત્રી સમદા યોજનામાં ગુજરાતના બનાસકાંઠા અને ડીસા પંથકના ખેડૂતો અને કોલ્ડ સ્ટોરેજનો સમાવેશ કરે તે માટે રાજ્યના સાંસદ દિનેશભાઈ અનાવાડિયાને ડીસા કોલ્ડ સ્ટોરેજ એસોસિએશન દ્વારા રજૂઆત કરી હતી. આથી રાજ્યસભાના સાંસદ દિનેશભાઈ અનાવાડિયાએ કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમ રૂપાલા અને અજયસિંહ તોમરને રજૂઆત કરી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.06

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


## ગોધરા પશ્ચિમ વિસ્તારમાં ઉભરાતી ગટરો માટે મ્યુ.કમિશ્નર લેશે મુલાકાત

# ગોધરા પાલિકાના વહીવટદારો સ્થળોની મુલાકાત માટે દોડ્યા

- ગોધરામાં ભુર્ગભ ગટર લાઈન ફેલ રહેતા ગટર ઉભરાવાની સમસ્યા.
- ગોધરામાં મ્યુનિસીપલ કમિશ્નરની મુલાકાતને લઈ સુખાકારીના પ્રશ્નો ઉકેલ માટે દોડધામ શરૂ થઈ.

ગોધરા,

ગોધરા શહેરના પશ્ચિમ વિસ્તારના અનેક વિસ્તારોમાં ઉભરાતી ગટરોને લઈ લોકો પરેશાન થઈ રહ્યા છે. ત્યારે પાલિકા પ્રમુખ સહિતના હોદ્દેદારોએ આ વિસ્તારની મુલાકાત લઈને સમસ્યા દુર કરવાની ખાતરી આપી હતી. પશ્ચિમ વિસ્તારના રહિશોના લાંબા સમય થી સમસ્યાનો ઉકેલ ન આવ્યો હોય ત્યારે પાલિકાની મહેરબાની પાછળનું કારણ મ્યુનિસીપલ કમિશ્નર ગોધરાની મુલાકાતે આવનાર છે. ત્યારે પાલિકા વિસ્તારમાં સબ સલામત હોવાનો અહેસાશ કરવાનો પ્રયાસ જણાયો છે.



ગોધરા શહેર નગર પાલિકા વિસ્તારમાં સુખાકારીના કામોના ભાગરૂપે ભુર્ગભ ગટર લાઈનની કામગીરી કરવામાં આવી છે પરંતુ ગોધરા શહેરમાં ભુર્ગભ ગટર લાઈન સદ્દંતર નિષ્ફળ રહી છે. શહેરના અનેક વિસ્તારમાં ભુર્ગભ ગટર લાઈન સાથે ગંદા પાણીના નિકાલના જોઈન્ટ આપી દેવામાં આવ્યા છે સાથે ગંદા પાણીના નિકાલના અભાવે ગટર ઉભરાવાની સમસ્યા અવાર-નવાર સામે આવતી રહે છે. ગોધરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં ભુર્ગભ ગટર લાઈન માંથી ગંદા પાણીનો નિકાલ ન થતાં ગટર લાઈનો ગંદકીની ઉભરાતી રહે છે. ગટર લાઈનો ઉભરાતા ગંદકીને લઈ મચ્છરનો ઉપદ્રવ વધ્યો છે. પશ્ચિમ વિસ્તારના રહિશોની સમસ્યાને લઈ પાલિકા પ્રમુખ સહિતના હોદ્દેદારોએ સિગ્નલ ફળીયા, મુનાફળીયા, બિલાલ મસ્જીદ, રગડીયા પ્લોટ, મેંદા પ્લોટ વિસ્તારની મુલાકાત લીધી હતી અને સ્થાનિક રહિશોને ઉભરાતી ગટરો અને ગંદકીની સમસ્યા હલ કરવાની ખાતરી આપવામાં આવી હતી. શહેરના પશ્ચિમ વિસ્તારના રહિશો લાંબા સમય થી ગટરો ઉભરાવાની તેમજ ગંદકી થી પરેશાન હોવાથી રજુઆત છતાં પાલિકા તંત્ર સમસ્યા હલ કરવામાં રસ દાખવ્યો ન હતો. ત્યાં પાલિકા પ્રમુખ દ્વારા સ્થળ ઉપર જઈને સમસ્યાના સમાધાનની ખાતરી આપતાં રહિશોમાં ખુશી જોવા મળી હતી પરંતુ પાલિકા પ્રમુખ દ્વારા પશ્ચિમ વિસ્તારની સુખાકારીની સમસ્યાના સમાધાનનું કારણ કંઈક અલગ સામે આવ્યું છે. મ્યુનિસીપલ કમિશ્નર ગોધરાની મુલાકાતે આવનાર છે. તે પહેલા પાલિકા વિસ્તારોમાં સુખાકારીની સુવિધા યોગ્ય હોવાનું દર્શાવવાનો પ્રયાસ શરૂ કરાયા છે. તેવી નગરજનોમાં ચર્ચાઓ ચાલી રહી છે.

ગોધરા નગર પાલિકામાં મ્યુનિસીપલ કમિશ્નર મુલાકાતે આવનાર હોય તેને લઈને પશ્ચિમ વિસ્તારની ગટરો ઉભરાવવાની સમસ્યાને ધ્યાનમાં લઈ પાલિકા પ્રમુખે સ્થળ મુલાકાત લીધી હતી અને સમસ્યાના ત્વરીત સમાધાનન ખાતરી આપવામાં આવી છે. ત્યારે લોકો ઈચ્છી રહ્યા છે. આવા અધિકારીઓ ગોધરા પાલિકામાં આવવા માત્ર થી સમસ્યા હલ થતી હોય તો આવા ઉચ્ચ અધિકારીઓએ ગોધરા પાલિકાની મુલાકાત લેતા રહેવું જોઈએ.

# શહેરા નગરમાં ભરચોમાસે પીવાના પાણીની સમસ્યા સર્જાઈ

શહેરા,

શહેરાના પાનમ ડેમ ખાતે નગર પાલિકાની પાણીની મોટર બળી જતા પાલિકા વિસ્તારમાં ભરચોમાસે પાણીની વિકટ સમસ્યા સર્જાઈ છે. પાણીની બુમો નગરજનો માંથી ઉઠતા નગરપાલિકા દ્વારા પાણીના ટેન્કર વિવધ વિસ્તારોમાં મોકલીને પાણી પુરૂ પાડવામાં આવી રહયુ છે. પાણીની વિકટ સમસ્યાને લઇને મહિલાઓનો આક્રોશ પાલિકાના સત્તાધીશો સામે જોવા મળી રહયો છે.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા નગરમાં ભરચોમાસે પાણીની વિકટ સમસ્યા સર્જાઈ છે. પાનમ ડેમ ખાતે પાલિકાની પીવાના પાણીની મોટર બળી જતા નગરપાલિકાના એન્જિનિયર જીગ્નેશભાઇ શાહ દ્વારા તાત્કાલિક પાણીના મોટરનુ રીપેરીંગ કામ યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવ્યુ હતું. નગરના શાન્તા કુંજ, હોળી ચકલા, મુસ્લિમ વિસ્તાર સહિત અન્ય વિસ્તારોને પાલિકા દ્વારા આપવામાં આવતુ પાણી બંધ થતા પાણી ભરવા માટે મહિલાઓને આમ તેમ ભટકવાનો વારો આવ્યો હતો. પાણીની વિકટ સમસ્યા સર્જાતા નગરપાલિકાના એન્જિનિયર જીગ્નેશભાઇ શાહએ પાણીની વિકટ સમસ્યા વધુ સર્જાય તે પહેલા પાણીના ટેન્કર નગરના વિવિધ વિસ્તારમાં શરૂ કરી દેવામાં આવ્યા હતા. પાલિકા દ્વારા મોકલવામાં આવેલા પાણીના ટેન્કર માંથી પાણી ભરવા માટે મહિલાઓની પડાપડીના દ્રશ્યો જોવા મળી રહયા હતા. જ્યારે બીજી તરફ હેન્ડ પંપ ખાતે પણ પાણી ભરવા માટે મહિલાઓની લાંબી લાઈન લાગેલ હતી. જોકે જરૂરિયાત મુજબ પીવા માટે અને ઘર વપરાશનું પાણીના મળતા મહિલાઓનો આક્રોશ પાલિકાના સત્તાધિશો સામે જોવા મળેલ હતો. નગરમાં પાણી સમસ્યા વધતા અમુક નગરજનો મિનરલ વોટરના ઠંડા જગ ૨૦ રૂપિયા ખર્ચીને મંગાવા સાથે ઘર વપરાશ માટે પાણીના ટેન્કર પણ ૫૦૦ રૂપિયા ખર્ચીને નાછૂટકે મંગાવી રહયા હતા. ઉનાળામાં પાણીની વિકટ સમસ્યા નગરના વિસ્તારમાં જોવા મળી રહી હતી. તેવી જ પરિસ્થિતિ હાલ ભરચોમાસે જોવા મળવા છતાં નગરના વિવિધ વિસ્તારોની મુલાકાત લેવાનું પણ પાલિકાના સત્તાધીશોએ વિચાર્યું ન હોવાનું નગરજનોમાં ચર્ચાઈ રહયું હતું. પાલિકાના સત્તાધીશો પાણીની સમસ્યા કાયમી હલ કરવા માટે ક્યારે વિચારશે ખરા? કે પછી હોતી હે ચાલતી હે તેમજ ચાલવા દેશે કે શું ? નગર વિસ્તારમાં પાણીની વિકટ ગંભીર પરિસ્થિતિ સર્જાય તે પહેલા જિલ્લા કલેક્ટર દ્વારા આ બાબતે યોગ્ય કાર્યવાહી હાથધરીને નગરજનોને નિયમિત પાણી મળે તે માટે નગરપાલિકાને આદેશ કરે તેવી આશા સ્થાનિક નગરજનો રાખી રહયા છે.

# પંચમહાલ જીલ્લા સ્વનિર્ભર શાળા સંચાલકોએ ધો. ૬ થી ૮ના ઓફલાઈન વર્ગ શરૂ કરવાની તૈયારી કરી

ગોધરા,

ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા ૨ સપ્ટેમ્બર થી ધો. ૬ થી ૮ ના ઓફલાઈન શિક્ષણ કાર્ય શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે. તેનો પંચમહાલ જીલ્લા સ્વનિર્ભર શાળાના સંચાલકો આવકાર્ય છે અને શાળાઓમાં કોવિડ-૧૯ ગાઈડ લાઈનના ચુસ્ત અમલવારી સાથે શિક્ષણ કાર્ય શરૂ કરવાની તૈયારીઓ શરૂ કરી છે. ઓફલાઈન શિક્ષણ માટે વિદ્યાર્થીઓએ વાલીઓની સંમતિ પત્રક સાથે શરૂ કરવામાં આવશે તેમ જણાવ્યું છે.

કોરોના મહામારીમાં વિદ્યાર્થીઓના શિક્ષણ ઉપર ભારે અસર પડી છે. હાલ ગુજરાત રાજ્યમાં કોરોના સંક્રમણના કેસોમાં ઘટાડો થયો છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા ઓફલાઈન શિક્ષણ માટે તબક્કાવાર છુટછાટ આપવામાં આવી છે. અગાઉ શિક્ષણ વિભાગ દ્વારા ધો. ૯ થી ૧૨ સુધી તેમજ કોલેજમાં ઓફલાઈન શિક્ષણ કાર્ય કોવિડ-૧૯ ગાઈડ લાઈન સાથે શરૂ કરવામાં આવ્યું છે. ત્યારે બીજા તબકકામાં રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા ધો. ૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે ઓફલાઈન શિક્ષણ કાર્ય ૨ સપ્ટેમ્બર થી શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે. જેને પંચમહાલ જીલ્લા સ્વનિર્ભર શાળા સંચાલકો દ્વારા સરકારના નિર્ણયને આવકાર આપવામાં આવ્યો છે અને ૨ સપ્ટેમ્બર થી ધો. ૬ થી ૮ના વર્ગોનું ઓફલાઈન શિક્ષણ શરૂ કરવાની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. પંચમહાલ જીલ્લા સ્વનિર્ભર શાળા સંચાલકો દ્વારા વિદ્યાર્થીઓને વાલીના સંમતિપત્રક સાથે ઓફલાઈન શિક્ષણ માટે બોલાવવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા ધો. ૬ થી ૮ના વર્ગોમાં વિદ્યાર્થીઓને હાજરી આપવી મરજીયાત છે. જેથી ઓફલાઈન શિક્ષણ સાથે ઓનલાઈન શિક્ષણ કાર્યપણ ચાલુ રાખવામં આવશે. શાળા સંકુલમાં રાજ્ય સરકારના કોરોના ગાઈડ લાઈનના પાલનનું ચુસ્તપણે અમલવારી કરવામાં આવશે. ૨ સપ્ટેમ્બર થી ધો. ૬ થી ૮ના વિદ્યાર્થીઓને ઓફલાઈન શિક્ષણ માટે ૫૦ ટકા ક્ષમતાની મર્યાદામાં એકાંતરે દિવસે વિદ્યાર્થીઓને શાળામાં બોલાવવામાં આવશે અને શાળાઓમાં કોરોના ગાઈડ લાઈન મુજબ સેનેટાઈઝર, માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરવા સાથે શાળામાં ઓફલાઈન વર્ગ શરૂ કરવામાં આવશે તેમ અમન ડે સ્કુલ સંચાલક મંડળના પ્રમુખ નિકુંજ જાની એ જણાવ્યું છે.

- વાલીના સંમતિ પત્રક સાથે બાળકો શાળાએ આવશે.
- ૫૦ ટકા વિદ્યાર્થીઓના વર્ગ ચલાવશે તેમજ કોવિડ ગાઈડ લાઈનનો ચુસ્ત અમલ.

# પંચમહાલમાં ગણેશ મહોત્સવમાં DJ વગાડવાની છુટ આપવા કલેક્ટરને આવેદન આપ્યું

ગોધરા,

પંચમહાલ જીલ્લાના ડી.જે. એસોશીએસન દ્વારા ગણેશ મહોત્સવમાં ડી.જે.ની પરવાનગી આપવામાં આવે તેવી માંગ સાથે જીલ્લા કલેક્ટરને આવેદન આપવામાં આવ્યું.




તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

કોરોના મહામારીને કારણે ઘણા બધા ધંધાઓ બંધ કરવામાં આવ્યા હતા. પરંતુ હાલ મોટાભાગના ધંધા શરૂ કરવાની પરવાનગી આપી દેવામાં આવી છે પરંતુ ડી.જે. વગાડવાવાળાના ધંધા હજી સુધી બંધ છે અને આ ધંધા સાથે સંકળેલ ઘણા પરિવારો આર્થિક તંગી વેઠી રહ્યા છે. આવનાર દિવસોમાં ગણેશ મહોત્સવ આવી રહ્યો છે. ત્યારે ગણેશ મહોત્સવમાં ડી.જે. વગાડવાની પરવાનગી આપવામાં આવે અથગા ગણેશ પંડાલ પાસે ડી.જે. વગાડવાની પરવાનગી આપવામાં આવે તો ડી.જે.ના ધંધા ઉપર આશ્રીત પરિવારોને રોજગારી મળી શકે છે. તેવી માંગ સાથે પંચમહાલ જીલ્લા ડી.જે. એસોશીએસન દ્વારા જીલ્લા કલેક્ટરને આવેદન આપવામાં આવ્યું છે.

# પંચમહાલમાં વરસાદ ખેંચાતા પાક નિષ્ફળ જતાં ખેડુતોને આર્થિક સહાય માટે જીલ્લા કોંગ્રેસ દ્વારા લેખિત રજુઆત



ગોધરા,

પંચમહાલ જીલ્લામાં ચોમાસાની સીઝનમાં વરસાદની અનિયમિતતા અને વરસાદ નહિ પડવાથી ખેડુતો દ્વારા કરવામાં આવેલ વાવેતર નિષ્ફળ ગયેલ છે. ત્યારે જીલ્લાના ખેડુતોને આર્થિક સહાય આપવામાં આવે તેવી માંગ સાથે પંચમહાલ જીલ્લા કોંગ્રેસ સમિતિ પ્રમુખ દ્વારા રાજ્ય કૃષિ અને સહકાર વિભાગને લેખિત રજુઆત કરવામાં આવી છે.

રાજ્ય સહિત પંચમહાલ જીલ્લામાં ચાલુ વર્ષ ચોમાસાની સીઝનમાં વરસાદ અનિયમિત અને અપુરતો પડતા ખેડુતો દ્વારા પોતાના ખેતરોમાં મોંઘાભાવના બિયારણ અને ખાતરો પાછળ ખર્ચ કર્યા છે. તેમ છતાં વરસાદ નહિ પડવાને લઈ વાવેતર કરેલ ખેતી નિષ્ફળ ગયેલ છે. જેને લઈ ખેતી પાછળ સારા પાકની આશા એ કરેલ ખર્ચ પણ માથે પડયો છે. જેને લઈ ખેડુતો દેવામાં ડુબી ગયા છે. પંચમહાલ જીલ્લામાં સિંચાઈ જેવી સુવિધાનો પણ અભાવ છે. મોટા ભાગે જીલ્લામાં વરસાદ આધારીત ખેતી કરતા ખેડુતો વરસાદ ખેંચાતા વાવેતર નિષ્ફળ જતાં કફોડી સ્થિતીમાં મુકાયા છે. ત્યારે પંચમહાલ જીલ્લાના ખેડુતો ખેતી નિષ્ફળ જતાં સરકાર દ્વારા આર્થિક સહાય કરવામાં આવે તેવી માંગ સાથે જીલ્લા કોંગ્રેસ સમિતિ પ્રમુખ અજીતસિંહ ભાટી દ્વારા ગુજરાત રાજ્ય કૃષિ અને સહકાર વિભાગને લેખિત રજુઆત કરાઈ છે.

# કાલોલના મલાવ ગામે રાઈસ મીલો માંથી લાખોની સામાનની ચોરી કરી તસ્કરો ફરાર



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,

કોરોના કાળ બાદ માંડ-માંડ શરૂ થયેલ મલાવની રાઈસ મીલને ટાર્ગેટ બનાવી લાખોનાં સામાન હડફ કરી તસ્કારો ફરાર. કાલોલ તાલુકાના મલાવ માં આવેલ ત્રણ રાઈસ મીલ પર ત્રણ તસ્કારો ત્રાટકી મીલો માંથી અંદાજીત લાખો રુપિયાનું નુકશાન કરી ફરાર થય ગયાં પરંતુ સી.સી.ટીવી. કેમેરામાં ઝડપાયા. કાલોલ તાલુકાનાં મલાવ ગામના વિસ્તારમાં કાલોલ રોડ પર આવેલ ત્રણ રાઈસ મીલ ગુરૂ-શુક્રવારની મધ્ય રાત્રી એ ત્રણ ચડ્ડી-બનિયાનધારી વારાફરીથી કૈલાશ રાઈસ મીલ, પ્રેમદારા એગ્રો ઈન્ડિયા, ગણેશ રાઈસ મીલ આમ ત્રણ મીલોમાં બિન્દાસ ઘૂસી જઈને રાત્રીના સમયમાં ઉપયોગમાં લેવાતી બેટરીના અજવાળે ચોરી કરી ફરાર થય ગયાં હતાં. ઉલેખનીય એ છે કે, વિશ્વ કોરોના મહામારી બાદ માંડ-માંડ ઉભા થતાં ધંધા રોજ ગારો પર હવે તસ્કારોનાં ટાર્ગેટમાં આવી જતાં વેપારીઓની પરિસ્થિતિ કફોડી બની જતી હોય છે. જોકે બનાવની જાણ કાલોલ પોલીસને થતાં લૂંટાઈ ગયેલ રાઈસ મીલોની મુલાકાત માટે પોલીસ પહોંચી હતી અને પોલીસે સીસી ટીવી ફુટેઝ મેળવીને તસ્કરોને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે.

# ગોધરા નેહરૂ યુવા કેન્દ્રની જિલ્લા સલાહકાર સમિતિ યુવા કાર્યક્રમની બેઠક જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને યોજાઇ




તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા

ગોધરા,

ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય અંતર્ગત નેહરૂ યુવા સંગઠન દિલ્હીની માર્ગદર્શિકા અનુસાર પંચમહાલ જિલ્લાના નેહરૂ યુવા કેન્દ્ર ગોધરાની જિલ્લા સલાહકાર સમિતિ યુવા કાર્યક્રમની બેઠક જિલ્લા સેવાસદન-૧ના સભાખંડમાં જિલ્લા કલેકટર સુજલ મયાત્રાના અધ્યક્ષસ્થાને અને જિલ્લા સલાહકાર સમિતિ યુવા કાર્યક્રમના સભ્યઓની ઉપસ્થિતિમાં યોજાઇ હતી.

આ બેઠકમાં જિલ્લા કલેકટર સુજલ મયાત્રાએ નેહરૂ યુવા કેન્દ્ર ગોધરા દ્વારા જિલ્લાના યુવાઓ માટે યુવાઓની પ્રવૃતિઓને વેગ આપવા માટે થનાર કાર્યક્રમોની માહિતી મેળવી જરૂરી સમીક્ષા કરી યોજાનાર કાર્યક્રમો માટે રચનાત્મક સુચનો કરી માર્ગદર્શન આપ્યું હતું. સાથે કોવીડ રસીકરણ, નલ સે જલ, ફોરેસ્ટ વનધન કેન્દ્ર અને કેરીયર મેલા કાર્યક્રમોમાં યુવાઓને જોડવા સુચન કર્યું હતું. આ બેઠકમાં નેહરૂ યુવા કેન્દ્ર ગોધરાના જિલ્લા યુવા અધિકારી વિઠ્ઠલ અબાગીએ પંચમહાલ જિલ્લામાં નેહરૂ યુવા કેન્દ્ર ગોધરા દ્વારા જિલ્લામાં યુવાઓની પ્રવૃતિઓને વેગ આપવા થનાર કાર્યક્રમોની રૂપરેખા આપતાં જણાવ્યું હતુ કે ફોક્સ એરિયા અને કોર પ્રોગ્રામ હેઠળ જિલ્લાના યુવાનોને આત્મનિર્ભર ભારત, કલીન વિલેજ ગ્રીન વિલેજ, જલ જાગરન અભિયાન, ફિટ ઈન્ડીયા મુમેન્ટ, કોવિડ-૧૯ અવેરનેસ પ્રોગ્રામ, સ્પોર્ટ મટીરીયલ અને યુથ ક્લબ, બ્લોક લેવલ યુથ મીટ તેમજ ડિસ્ટ્રીક લેવલે આર્ટ અને સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે જોડીને યુવા શકિતના વિકાસ અંગેના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

# રાષ્ટ્રીય કવિ ઝવેરચંદ મેઘાણીની ૧૨૫ મી જન્મ જયંતીની ઉજવણી અંતર્ગત જિલ્લાનો કાર્યક્રમ ગોધરામાં સરદાર નગરખંડ ખાતે યોજાશે

ગોધરા,

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫ મી જન્મ જયંતીના ઉપલક્ષમાં તા.૨૮મી ઓગષ્ટ,૨૦૨૧ ને શનિવારના રોજ રાજ્ય સમસ્તની જેમ, પંચમહાલ જિલ્લામા પણ 'કસુંબી નો રંગ' કાર્યક્રમ ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ગોધરા અને જિલ્લા વહવટી તંત્ર પંચમહાલ દ્વારા કૃષિ,પંચાયત, પર્યાવરણ(સ્વતંત્ર હવાલો) રાજયકક્ષાના મંત્રી જયદ્રથસિંહજી પરમારના અદ્યક્ષસ્થાને અને મુખ્ય મહેમાન પદે પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડ તેમજ મહાનુભાવ કુલપતિ ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ગોધરાના પ્રો. પ્રતાપસિંહ ચૌહાણ અને જિલ્લા કલેક્ટર સુજલ મયાત્રા(IAS)ની ઉપસ્થિતિમાં ગોધરામાં સરદાર નગરખંડ ખાતે યોજાશે.

૨૮મી ઓગસ્ટે-૨૦૨૧ ને શનિવારના રોજ ગોધરામાં સરદાર નગરખંડ ખાતે યોજાનારા આ કાર્યક્રમ દરમિયાન કવિ મેઘાણીના જીવન કવનને દર્શાવતી ડોક્યુમેન્ટ્રી ફિલ્મના નિદર્શન સાથે મેઘાણી સાહિત્યનું વિતરણ પણ કરાશે. આ ઉપરાંત ઝવેરચંદ મેઘાણી રચિત ગીતો અને કાવ્યોની વિવિધ કલાકારો ગ્રુપ દ્વારા પ્રસ્તુતિ કરાશે.

# પંચમહાલ જિલ્લા ભાજપના નવ નિયુક્ત પદાધિકારીઓની પરિચય બેઠક કમલમ ગોધરા ખાતે યોજાઈ

ગોધરા,

પંચમહાલ જિલ્લા ભાજપના સંગઠનમાં નવા વરાયેલા પદાધિકારીઓ માટે એક પરિચય બેઠક ગોધરાના ગદુકપૂર પાસે આવેલ ''કમલમ્'' ખાતે યોજાઈ. જેમાં રાજ્યના પ્રદેશ ભાજપના મંત્રી અને મધ્ય ઝોનના પ્રભારી ભાર્ગવ ભટ્ટની હાજરીમાં યોજાઈ. આ બેઠકમાં પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ પ્રશાંત કોરાટ, પંચમહાલના પ્રભારી રાજેશભાઈ પટેલ, સંયુક્તાબેન મોદી, પંચમહાલ ભાજપ પ્રમુખ અશ્વિનભાઈ પટેલ, રાજ્યના મંત્રી જયદ્રથ સિંહ પરમાર, પંચમહાલના સાંસદ રતનસિંહ, ગોધરાના ધારાસભ્ય સી.કે. રાઉલજી, કાલોલના ધારાસભ્ય સુમનબેન, જિલ્લા પ્રમુખ કામિનીબેન, માજી સાંસદ પ્રભાતસિંહ, જિલ્લા ભાજપના મહામંત્રી કુલદીપસિંહ, મયંકભાઈ, ધવલભાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં આગામી ૧૭ મી સપ્ટેમ્બરના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો જન્મ દિવસ હોઈ એમને ભેટ સ્વરૂપ નમો એપ ડાઉનલોડ કરવા માટેની એક કાર્યશિબિર પણ યોજાઈ અને આગામી સમયમાં લોકો વધુમાં વધુ લોકો નમો એપ વાપરતા થાય એ માટે એક અભિયાન ચલાવવા નક્કી કરાયું. નવ નિયુક્ત પદાધિકારીઓની પરિચય બેઠકમાં જિલ્લા સંગઠનમાં નવા વરાયેલા તમામ પદાધિકારીઓ પોતાની જવાબદારી સમજી ભારતીય જનતા પાર્ટીને મજબૂત બનાવવા કામે લાગવા પ્રદેશ મંત્રી ભાર્ગવ ભટ્ટ દ્વારા જણાવાયું સાથે સાથે આગામી સમય માં સોસીયલ મીડીયાનો પણ ખુબજ ઉપયોગ કરવા જણાવાયું હતું. આ બેઠકમાં જિલ્લાભરના મોરચા, મંડલ અને સેલના તમામ નવ નિયુક્ત પદાધિકારીઓ હાજર રહ્યા હતા.



# હાલોલ બાદશાહ બાવાની દરગાહ ખાતે આરોગ્ય વિભાગની સહયોગની વેકસીન કેમ્પ યોજાયો

હાલોલ,

હાલોલ પાવાગઢ રોડ ઉપર આવેલ બાદશાહ બાવાની દરગાહ ખાતે પી.એસ.સી.ના સહયોગની વેકસીનેશન કેમ્પ યોજવામાં આવ્યો હતો.

હાલોલ બાદશાહ બાવાની દરગાહ ખાતે આરોગ્ય વિભાગના સહયોગથી વેકસીનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વેકસીનેશન કેમ્પમાં ૩૦૦ ઉપરાંત વેકસીન લીધી હતી. બાદશાહ બાબા દરગાહ કમીટી ટ્રસ્ટ દ્વારા આરોગ્ય વિભાગના સહયોગથી યોજેલ વેકસીનેશન કેમ્પ સફળ રહ્યો હતો. હાલ કોરોનાની ત્રીજી લહેરની દહેશત વચ્ચે વેકસીનેશનથી સુરક્ષીત રહે તેવા હેતુથી કેમ્પનું આયોજન કરાયું હતું.